

# 'ગની'ની મહેક

ગની દહીંવાલા જન્મ શતાબ્દી વર્ષ : ૨૦૦૮

(સાહિત્યિક અને સાંગીતિક શતાબ્દી વંદના)

સંપાદક : બકુલેશ દેસાઈ

પ્રકાશક : ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન

# 'ગની'ની મહેક

## સાહિત્યિક અને સાંગીતિક શતાબ્દી વંદના

સંપાદક

બકુલેશ દેસાઈ

પ્રકાશક

ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન

'GANI' NI MAHEK : Collection of Selected Ghazals
& Songs of 'GANI' DAHINWALA

ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિ માટે આ પુસ્તકનો સદુપયોગ કરી શકાશે.

પ્રત : ૭૦૦
મૂલ્ય : સદુપયોગ

પ્રકાશક
ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન
૨૧, સૌમ્ય એપાર્ટમેન્ટ્સ, સ્પોર્ટ્સ ક્લબ, નવરંગ સ્કૂલ પાસે,
ઈન્કમટેક્ષ પાસે, અમદાવાદ.

મુદ્રક
વિધિ ડિઝાઈન
પ્લોટ નં. ૨, માળીની વાડી, સંદેશ પ્રેસની બાજુમાં, એ.કે. રોડ, સુરત.
ફોન : (૦૨૬૧) ૨૫૪૩૬૬૨

# અર્પણ...

'ગની'ના આશકો એવા તમામ સાહિત્યકારો, સંગીતકારો અને ભાવકોને...

ન ધરા સુધી ન ગગન સુધી, નહીં ઉન્નતિ ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફક્ત એક મેકના મન સુધી.

# જો કહું વિનમ્ર ભાવે.....

ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશનની સ્થાપના તા.૨૩-૮-૨૦૦૧માં અમદાવાદ ખાતે થઈ હતી. તેનું સૂત્ર છે - 'આપણું સંગીત, આપણું ગૌરવ'.

કેવળ સાહિત્ય-સંગીત-પ્રીત્યર્થે કાર્યરત એવી આ સંસ્થા અનૌપચારિક સંગઠન છે. બંધારણ-હોદ્દાઓ-ચૂંટણી-વરણીની પળોજણમાં પડ્યા વિના આ ફાઉન્ડેશનના એક મોવડી શ્રી લલિતભાઈ શાહ જ પોતાની શાંતસંયત ને શાલિન કાર્યશૈલીથી સુગળ સંગીત સંમેલનો, મહેફિલો, સન્માન સમારંભો, ઓડિયો સી.ડીનાં પ્રકાશનો વગેરેનું આયોજન સંભાળે છે એવી મારી અંગત છાપ છે. અન્ય કાર્યકરો મૂંગા રહીને ને પ્રસિદ્ધિની આશા વિના ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓને સફળ બનાવવા  યથાશક્ય ફાળો આપે છે.

અમદાવાદ, વડોદરા, સુરત, મોડાસા, પાલનપુર જેવાં ગુજરાતનાં નગરમહાનગરોનાં, સુગમ સંગીતનાં ઊગતાં ગાયકગાયિકાઓને ઉત્તેજન આપી બહાર લાવવા પ્રતિભા ખોજના-ટેલેન્ટ હન્ટના-કાર્યક્રમો પણ સફળતાથી હાથ ધરાયા છે. તેના પરિપાક સમાં આ નામો ઉપસી આવ્યો છે. પિયૂષ દવે (જૂનાગઢ) તૃપ્તિ નિમાવત (જામનગર) ફૂલદીપ જોશી, શ્રદ્ધા ગઢવી (ભાવનગર), અભિષેક પંડ્યા, શ્રુતિ સોની (વડોદરા), દીપક કંસારા, સંજય રજવાડી, ફોરમ સંઘવી (સુરત) કૃપા જોશી, , કોમલ બોડવાલ, રાકેશ આચાર્ય.....

વિશેષ નોંધનીય બાબતતો એ હતી કે આવી સ્પર્ધા અગાઉ તાલીમ શિબિર પણ યોજાયો હતો જેમાં પૂરતા રિયાઝ ને માર્ગદર્શન બાદ સેમીફાઈનલ રાઉન્ડ સુધી પહોંચેલા કલાકારોએ ગુણીજન શ્રોતાઓ સમક્ષ પોતાનું શ્રેષ્ઠ અર્પણ કર્યું હતું.

હિમાલી વ્યાસ (અમદાવાદ) અભિષેક પંડ્યા (વડોદરા) અને શ્રધ્ધા ગઢવી (ભાવનગર) જેવા કલાકારોની રૂા. ૩૫૦૦૦ ના કુલ ઈનામો, સ્મૃતિચિહ્નો અને પ્રમાણપત્રો પણ એનાયત થયાં હતાં.

ઈ.સ. ૨૦૦૯ ના જાન્યુઆરીમાં 'ગની' દહીંવાલાની જન્મશતાબ્દી વર્ષની ઉજવણીના એક ભાગ રૂપે શ્રી બકુલેશ દેસાઈના સંપાદનપણા હેઠળ એક કાવ્યપુસ્તિકા અને ઓડિયો સીડીનું લોકાર્પણ થાય છે તે પણ પ્રશંસનીય કાર્ય ગણાય, જ્યારે આ પૂર્વ સર્વશ્રી દિલીપ ધોળકિયા અને અજિત મર્ચન્ટને લાઈમ ટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર પણ અપાયા છે.

# જુદાઈથી સંસ્મરણ સુધી..... ('ગની' દહીંવાલા)

## ગઝલ - ગૌરવપથ થઈને !



વર્ષ ૨૦૦૬, દિવાળીની આસપાસના દિવસો હતા. સન્મિત્ર અને આપ્તજન તેમજ સુવિખ્યાત સાહિત્યકાર એવા ડૉ. વિજય શાસ્ત્રીએ ફોનથી પૂછયું - 'ગનીં દહીંવાલાની ગઝલના સંપાદનમાં રસ છે? અમેરિકાના લલિત શાહ એક પ્રોજેક્ટ કરે છે' આવી માહિતી આપી તેમણે મને 'ગની' દહીંવાલાની ગઝલો સુધી લઈ જતો "ગૌરવપથ" ચીંધી બતાવ્યો.

મેં ઈ.સ. ૧૯૭૫ થી ગઝલ સર્જન શરૂ ર્યું. બે ગઝલ સંગ્રહો પ્રગટ થયા તે પહેલા કે પછી પણ કોઈ પણ સાહિત્યિક કાર્યો માટે ના પાડવાનું ગમતું નથી. ના પાડવાની ઉચ્ચ (?) અવસ્થા પ્રાપ્ત થઈ નથી. એવો વૈભવ પામ્યો પણ નથી, એટલે 'તકવાદી' કહી હું જાતને હલકી તો નહીં જ ચીતરું, મને અવસરવાદી તરીકે જાહેર કરી શકું... અને તે પણ 'પર્વ' ના અર્થમાં !

અમેરિકામાં ગુજરાતી સુગમસંગીતનું ફાઉન્ડેશન ચલાવતા ને નામી કવિઓની ઓડિયો સીડી બહાર પાડતા શ્રી લલિતભાઈ શાહ સાથે પછી તો ફોન, ઈ-મેલ કે પત્રથી સંપર્ક થતો ગયો. એક વખત રૂબરૂ મળ્યો પણ હતો. તેમનાથી ત્યારે બોલાઈ ગયેલું કે ૨૦૦૮ માં 'ગની' દહીંવાલાની જન્મ શતાબ્દી આવે છે, ત્યારે આ સંપાદન અને ઓડિયો સીડી પ્રગટ કરવા છે. આથી 'વહેલા જાગીને મોડા પડવાના કે અડધું અંતર દોડીને કાપ્યા પછી સૂઈ જવાની સસલાગીરી' કરવાના સિન્ડ્રોમ નો હું શિકાર બન્યો.

એ દરમ્યાન પણ જો કે સુરતના સાહિત્ય જગતમાં મેં દબાતા સ્વરે આ વાત વહેતી કરીને 'ગની' ભાઈના પરિવારજનોનો પણ સંપર્ક કરી કામ શરૂ કરી દીધું હતું. પરંતુ એક યા અન્ય કારણે કામ લંબાતું ગયું... અને નવેમ્બર, ૦૮ માં એટલા માટે ઉતાવળ કરી, કરવી પડી કે જાન્યુઆરી, ૨૦૦૯ માં વિમોચન સમારોહ ગોઠવાયાની શ્રી લલિતભાઈએ ચોંકાવનારી માહિતી જ આપી દીધી !

મારા પિતા જ્યાં સરકારી તિજોરી કચેરીમાં નોકરી કરતા, ત્યાંના પટાવાળાના ગણવેશ સીવવાનું કામ 'ગની' ભાઈને મળેલું. મારા પિતા દ્વારા તેમને નાણાની ચૂકવણી કરવાની ઔપચારિકતા કરવાની રહેતી... એટલે તેમને આ શાયરનો પરિચય થયેલો. તેમનાં પાછલાં વર્ષોમાં એ નાતે મેં 'ગની'ભાઈ, શ્રી ભગવતીકુમાર શર્મા, નમન દેસાઈ વગેરેને ઘરે નિમંત્રીને એક નાનકડું મિલન પણ ગોઠવ્યું હતું. એ બાદ કરતા 'ગની'ભાઈ સામેનો મારો પરિચય ગઝલો દ્વારા જ કે મુશાયરાઓ નિમિત્તે જ. તેમનો અંગત કે આત્મીય સંસ્પર્શ તો ન જ પામી શક્યો.

તો પણ 'ગની'ભાઈની ગઝલો ને તેમનાં કઠનાં કામણનો તો હું રમણીય શિકાર બન્યો જ. ગઝલના એક શાસ્ત્રીય અભ્યાસી, શાળા-મહાશાળાનું પરીક્ષા / પદવી કેન્દ્રી શિક્ષણથી દૂર રહેવા છતાં (અથવા કહો કે તેથી જ!) 'ગની'ભાઈએ ગજબની હૈયાઉકલત અને સ્ફૂરણાથી ગઝલ સર્જન કર્યું છે દાયકાઓ પર્યન્ત ! તેમના જીવનની લગભગ પ્રૌઢાવસ્થામાં તેમણે ગઝલસર્જન

આરંભ્યું, પરંતુ લગભગ સાડા ત્રણેક દાયકાથી તેમની સર્જનયાત્રામાં 'ગની'ભાઈ એ ગઝલ સ્વરૂપના ઘણા વારા-ફેરા જોયા, મોટી ઉથલ પાથલના સાક્ષીય બન્યા અને પરંપરાની ગઝલો અને નવી ગઝલોની 'સોહરાબ-રૂસ્તમી' વચ્ચેથી પોતાનો આગવો માર્ગ પણ કાઢી લીધો. પરંપરાની ગઝલોની સરળતા છતાં સચોટતા, હૃદયસ્પર્શી મીઠાશને પ્રવાહીતા ગઝલમાં અપનાવી-ઉતારીને તક મળે ત્યાં ભાવ-નાવીન્ય અને અભિવ્યક્તિની તાજગી પણ દાખવી છે.

જ્યારે અન્ય શિષ્ટમાન્ય કવિઓનાં સોનેટો ગીતો, અછાંદસ કાવ્યોના સંગ્રહો પ્રગટ થવા સાહજિક / અપેક્ષિત હતું અને ગઝલકારોના 'દિવાન' પ્રગટ થવાનું થોડું અસ્વાભાવિક અને કપરું કાર્ય ગણાતું ત્યારે પણ તેમનો 'ગાતાં ઝરણાં' (ઈ.સ. ૧૯૫૩) સંગ્રહ પ્રગટ જાઈ શક્યો હતો અને તે સારો એવો પોંખાયો પણ હતો તેમાં તેમની કાવ્યસાધનાનો ને પ્રકાશન માટેની જરૂરી ત્રેવડનો વિજય ગણવો ઘટે. એ જ રીતે ઈ.સ. ૧૯૭૮ માં તેમની ૭૦ મી વર્ષગાંઠે 'સપ્તતી પૂર્તિ' ની ભવ્ય ઉજવણી અને ગુજરાતી મુશાયરા પ્રવૃત્તિની સુવર્ણ જયંતિની ઉજવણી (ઈ.સ. ૧૯૮૩ માં) થઈ હતી એ બે મોંઘેરા અવસરો તો હું અદનો સાક્ષી બન્યો હતો એ સંભારતાં પણ આછો રોમાંચ થાય છે. આ બે અને બીજા અનેક યાદગાર પ્રસંગોમાં 'ગની'ભાઈની અર્થપૂર્ણ ઉપસ્થિતિ જ એક જાતનું ગૌરવ અને શોભાની પરિચાયક બનતી.

'ગની'ભાઈના જન્મ શતાબ્દી વર્ષમાં આ સંપાદન દ્વારા અને ઓડિયો સીડીના પ્રકાશન દ્વારા 'સ્વજન સુધી', 'દિશાઓ ફરી ગઈ', 'મને આપો', 'ઉપવને આગમન' કે 'મજાની આંબાવાડી' જેવી ગઝલોના આ લાડીલા શાયર તથા 'ભિખારણનું ગીત', 'ખોવાણું રે સપનું', 'નવલું નીલાંબર' કે 'મોરલાને વેઠયો ન જાય' જેવાં ગીતોના કવિ દેશદેશાવરમાં જ્યાં જ્યાં પણ ગુજરાતી ભાષા બોલાતી હશે, સાહિત્યનો આસ્વાદ થતો હશે ત્યાં સુલભ બનશે તેનો આનંદ છે. આવા દૃષ્ટિવંત ને સુઆયોજિત કાર્યમાં એક અદના સુરતના ગઝલકાર તરીકે મારે સામેલ થવાનું બન્યું છે તે બદલ ધન્યતા અનુભવું છું અને આ અદનો સંગ્રહ સૌ 'ગની' પ્રેમીઓ અને ગુજરાતીભાષી કાવ્યરસિકો સમક્ષ મૂકતાં આનંદ અને ગૌરવ અનુભવું છું.

મારા આ કાર્યમાં કવિ નયન દેસાઈ, ડો. રઈશ મનીઆર, જનક નાયક, ભગવતીકુમાર શર્માને તથા મનસુખ નારિયા, ડૉ.પ્રફુલ્લ દેસાઈ, પ્રા.સંધ્યા ભટ્ટ 'વિધિ' ઓફસેટવાળા શ્રી રમણિકભાઈ ઝાપડિયા અને શ્રી નિકેશભાઈ કાનાણી અને તેમના સ્ટાફ... જેવા મિત્રો મુરબ્બીઓનો સાથ સાંપડયો છે. રાષ્ટ્રીય કલા કેન્દ્ર અને તેના હોદ્દેદારોનો પણ અપ્રત્યક્ષ રીતે સાથ સહકાર મળ્યો છે. સૌનો હાર્દિક આભાર માની, અંતે શ્રી લલિતભાઈ શાહના પ્રત્યે અંતઃકરણપૂર્વકની ધન્યતાની લાગણી વ્યક્ત કરી વિરમું છું, 'ગની'ભાઈનો આ શેર ટાંકીને :

'ગની' ગુજરાત મારો બાગ છે, હું છું ગઝલ બુલબુલ;
વિનયથી ઝાજ્જ એવી પ્રેમબાની લઈને આવ્યો છું.

સુરત
તા.૧૫-૧૧-૦૮

- બકુલેશ દેસાઈ
*મો.: ૯૮૨૫૧ ૫૨૯૨૩*
E-mail : bidifine@rediffmail.com

# 'ગની'ભાઈના વ્યક્તિત્વનાં અપરિચિત પાસાં

*- મનસુખ નારિયા*



સમયચક્ર જેમ જેમ આગળ ને આગળ ફરતું જાય છે, તેમ તેમ ગઈકાલ સુધી જેઓને હરતાં-ફરતાં, નોંધપાત્ર કામો કરતા જોયા હોય તેવા મહાનુભાવો ઝડપથી ઈતિહાસનાં પૃષ્ઠો શોભાવતાં થઈ જાય છે. 'ગની' દહીંવાલા એક આવું જ નામ છે. ગઝલો ને ગીતાના ભાતીગળ વર્ણ-પટમાં તો તેમનું આગવું સ્થાન છે જ, તેમનાં કેટલાંક મુક્તકો પણ યાદગાર છે. જેમ કે

અતિ તાપે સરોવરનાં સલીલ સુકાયેલાં જોઈ
'અકિંચન છે, કશું કંઈ યાચશે' કહી દૂર રહેનારા !
સદા આપ્યું છે એણે, કોઈ દી ટીપું નથી માગ્યું,
ને માગ્યું છે તો બારે મેઘથી ઓછું નથી માગ્યું.

જીવનના બૂરા દિવસોમાં પણ ગૌરવ ને અભિજાત્ય ટકાવી રાખવાનો સંદેશ કવિ ફક્ત મુક્તક દ્વારા આપીને બેસી નથી રહ્યા. બાળપણથી જ આર્થિક વિટંબણા ને કાળી મજૂરીની ચક્કીમાં પિસાતાં પિસાતાં પણ 'ગની' ભાઈએ ધાર્મિક પ્રસંગોએ ગવાતાં ગીતો લલકારીને અને આઝાદીની ચળવળના દિવસોમાં પણ નમ્ર રીતે છતાં ઉત્કટતાથી પોતાની ધાર્મિક, સામાજિક કે રાજકીય પ્રતિબદ્ધતા (એવી સભાનતા વગેર) દાખવી છે.

વાત ઈ.સ. ૧૯૩૮-૩૯ ના વર્ષની છે. સુરત જિલ્લાના હરિપુરા ગામે કોંગ્રેસનું વાર્ષિક અધિવેશન યોજાવાનું હતું. નેતાજી સુભાષચંદ્ર બોઝ પાછળ દેશભરના લોકો પાગલ હતા. ગનીચાચા પણ ! 'અમારા વિસ્તારમાં આપ પધારો.' કહીને ઓલાદોલા કવિએ સુભાષબાબુને નિમંત્રણ આપી દીધું ! જ્યાં તેમની નાનકડી દરજીકામની દુકાન હતી તે ગોપીપુરા, ઝવેરી બજારના વિસ્તારમાં ગનીભાઈએ જાતે જ સ્વાગતની પૂર્વ તૈયારી શરૂ કરી દીધી. વાંસ લાવી, તેમને ફડાવી, ખાડા ખોદી તેઓ મંડપ બનાવવા લાગ્યા. આસપાસનાં વેપારીઓએ જિજ્ઞાસાવશ પૂછતાં તેમણે ઉત્સાહથી કહ્યું "સુભાષબાબુની પધરામણી કરવી છે" કહેવાય છે કે પછી સ્વયંભૂ ઉત્સાહજન્ય આ અવસર પછી સૌનો બની ગયો ને ઝવેરીઓએ સાચાં મોતીનાં તોરણો બાંધીને ને અન્ય સાચાં ઝવેરાતથી નેતાજીનું સ્વાગત કર્યું હતું ! પાછળથી મ્યુનિસિપાલિટીમાં ઠરાવ પસાર કરાવી આ વિસ્તારનું નામ 'સુભાષ ચોક' પણ રખાવી દીધું! તેમનું બીજું મુક્તક છે :

મેં નજરથી હાક મારી પુષ્પને
એ ય મુસ્કામું પવનના ઓઝલે

કંઈક મૂંગી મૈત્રીઓ એવી 'ગની'
જોગવી છે મેં જીવનના ઓઝલે

ગનીભાઈના શાયરમિત્રોની સૂચિ લાંબી છે : શયદા અને અમીન આઝાદ તો જાણે તેમના ગુરુ ગણાય. 'અનિલ', 'ઘાયલ', 'શૂન્ય', 'સૈફ', 'બેફામ' જેવા સમકાલીન ગઝલકારો પણ ગનીભાઈના મિત્રોમાં જરૂર સ્થાન પામી શકે. તો સુરતમાં રાષ્ટ્રીય કલાકેન્દ્રની સ્થાપના થયા બાદ આમ 'ચાચા' ને છતાં નાટ્યકાર વજુ ટાંક, પત્રકાર ચંદ્રકાંત પુરોહિત વગેરે તેમના સન્મિત્રોમાં સ્થાન પામી શકે. નાટક, સંગીત, ગરબા વગેરે આ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓ. ગનીભાઈ તેમાં પણ જોડાઈ ૧૯૫૭ માં, સ્વાતંત્ર્યસંગ્રામની શતાબ્દીટાણે, 'જશ્ને શહાદત' જેવી કૃતિ લખી ભજવવામાં જોતરાઈ ગયેલા તો **ગુજરાતદર્શન** નામે એક નૃત્યવાટિકા પણ તેમણે લખેલ છે.


સુરતમાં રહેનાર આજન્મ હાસ્યકાર હોય જ. ગની ચાચા પણ નર્મ-મર્મમાં ટકોર કરી હાસ્ય જન્માવતાં. વર્ષો સુધી તેમણે દર બુધવારે 'હળવે તે હાથ, નાથ મહીડાં વલોવજો' નામે હાસ્યરસનાં કાવ્યોની કોલમ પણ ચલાવી છે. તેઓ પાછા આવી બધી આડપ્રવૃત્તિઓની મર્યાદા પણ પૂરેપૂરી સમજતા. તેમણે હાસ્યકાવ્યોનો સંગ્રહ તમની હયાતીમાં તો નથી જ થવા દીધો. (જે તેમના મરણોપરાંત કૌશિકકુમાર દીક્ષિતે સંપાદિત કરી પુસ્તક બહાર પાડ્યું તે જુદી વાત છે.)

તેમની દરજીકામની કાતરિયા જેવી દુકાનનો એટલો, રોજ રાતે ટોળ-ટપ્પાં, શે'રો-શાયરી ને અલકમલકની વાતો વડે ગૂંજી ગાજી ઊઠતો. જુવાનીના દિવસોમાં ગનીભાઈ કુસ્તી શીખવાનો પણ ચાળો કરી ચૂકેલા છે અને જૂનો દિલરૂબા લાવી, સમરાવી ગાયન-વાદન માટે પણ થોડો વખત ઉદ્યત રહેલા. પરંતુ તેઓ 'સ્વર-સંગમ' નામ એક સંસ્થા સ્થાપવામાં સાથ આપવામાંથી તો શાના પાછા પડે? એ જ રીતે એક હાસ્યમંડળ પણ શરૂ કરેલ જેમાં કોઈ વાંઢો રહી ગયેલનો વરઘોડો નીકળતો યા શ્રીમાન મૂર્ખાશિરોમણિનો ખિતાબ પણ એનાયત થતો. હાસ્યમંડળના હોદ્દેદારોની ચૂંટણીમાં નવા નિયમો અમલમાં રહેતા. ઉમેદવારે પોતાની વિરુદ્ધ પ્રચાર કરવાનો રહતો. જે જીતે તેની ડિપોઝીટ જપ્ત થતી ને એ પૈસામાંથી જયાફતો થતી !

રે મઠના આદિલ-ચિનુનાં તોફાનો જગજાહેર છે. ઘણા તેનાથી (ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવાં) દાઝ્યા પણ હશે. 'ગની' દહીંવાલાના સમયનાં નિર્દોષ ને નિર્દંશ તોફાનો વિસરાઈ જાય તે શક્ય છે, ત્યારે આ રીતે થોડુંક અલપઝલ લખાયું તે પણ સારું જ ને?!

# ગઝલકાર 'ગની' દહીંવાલાનો સૂર્ય હજુય મધ્યાહ્‌ને છે

**જનક નાયક**



નાનો હતો ને સાહિત્યની એવી કંઈ સમજ નહોતી ત્યારે પણ રાષ્ટ્રીય કલા કેન્દ્રમાં હું અનેક વખત ગયો છું. નાનકડા સ્ટેજ પર થોડાક કવિઓ બેઠા હોય, સામે અમારા જેવા થોડાક શ્રોતાઓ હોય. પણ એમાંય 'ગની' દહીંવાલા અલગ તરી આવતા. સહેજ ભારે, બેઠી દડીનું શરીર, ઘણી લાંબી કફની, પાયજામો જે મહદંશે ફિટિંગમાં ન હોય. આંખ પર ચશ્માં ને હોઠ પર મંદ મંદ મુસ્કાન. કવિ (એ પછી નવોદિત હોય તોય) જો સરસ શેર બોલે તો 'ગની'ચાચાની દાદ અવશ્ય મળે.

'ગની'ચાચાને મેં ક્યારેય ગંભીર જોયા નથી. બધાં સાથે હસતા રહે, એમની રમૂજ છીછરી નહિ, પણ અનેકાર્થી. રમૂજને માણવા માટે પણ પરિપક્વતા જોઈએ. એમને બધું જ સહજ. કવિતા લખે તેય સહજતાથી, જીવે તેય શ્વાસ લે એટલી સહજતાથી. તપખીર સૂંઘતા હોય ત્યારે પણ સહજતાથી એમના ચહેરા પર પ્રસન્નતા ફેલાતી મેં જોઈ છે.

કદાચ એનું મુખ્ય કારણ એમનામાં રહેલો શ્રદ્ધાભાવ હોઈ શકે. જીવનની વિષમતાઓ વિશે જ્ઞાત હોવા છતાં એમને સમસ્ત માનવજાતમાં આસ્થા હતી. તેઓ ફરિયાદના માણસ નહોતા. તેઓ માનતા કે જે કંઈ મેળવવું હોય એ માટે પ્રથમ લાયક થવું પડે ને કોઈ વિશિષ્ટ કામથી જ એ મેળવી શકાય. ઊંચા શિખર પર પહોંચવાનો કોઈ શોર્ટ કટ નથી એ 'ગની'ચાચા જાણતા હતા. ને તેથી જ અમારા જેવા નવોદિતોને વારંવાર કહેતા, છોકરાંઓ! કશુંક નવું કરો. ગુજરાતી ગઝલે પણ એમના જ સમયમાં પરંપરામાંથી બહાર નીકળવાની શરૂઆત કરી હતી. શ્રદ્ધાનો દીવડો એમના હૃદયમાં સતત ટમટમતો હતો, તેથી જ 'ગની'ચાચા આવો અમર શેર લખી શક્યા -

**શ્રદ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ પર મને,**
**રસ્તો ભૂલી ગયો, તો દિશાઓ ફરી ગઈ!**

દરેક માણસને કંઈક ને કંઈક કહેવાનું હોય છે, સાથે બીજાઓ એને સાંભળે એય એ ઝંખતો હોય છે. ત્યારે કવિની વાત વિશિષ્ટ એટલા માટે છે કે કવિતા દ્વારા કવિ માત્ર પોતાની વાત નથી કરતો, સમસ્ત માનવસમાજની કથની માંડે છે. ગઝલમાં શું કહેવું છે એ વિશે 'ગની'ચાચા સુસ્પષ્ટ છે.

**હૃદયના ભાવ, પાંખે કલ્પનાની લઈને આવ્યો છું,**
**સિતારાઓ ! સૂણો કથની ધરાની લઈને આવ્યો છું.**

અદના માણસની કથની માંડતા 'ગની'ચાચા જ 'ભિખારણનું ગીત' લખી શકે. અંતે તો પ્રેમનો જ પ્રસાર કરવાનો છે. પ્રેમથી જ માણસને જીતી શકાય, ને પ્રેમથી જ ધરા પર સ્વર્ગનો આહ્‌લાદક અનુભવ કરી શકાય. આખા ગુજરાતને બાગ તરીકે કલ્પીને 'ગની'ચાચાએ ગુજરાતી ભાષાની સુગંધના પ્રસારની જ વાત કરી છે.

**'ગની', ગુજરાત મારો બાગ છે, હું છું ગઝલ-બુલબુલ,**

**વિનયથી સજ્જ એવી પ્રેમ-બાની લઈને આવ્યો છું.**

પ્રેમની ભાષા તો ખરી જ, પણ એમાં વિનમ્રતા હોવી જોઈએ. જ્યારે પણ એમની સાથે હોઈએ ત્યારે એઓ દિલથી મળતા હોય, મળવામાં ક્યાંય છેતરામણી નહિ, દંભ નહિ. પોતાની પસંદ-નાપસંદ વિશે કહેવાનું હોય તો બેધડક, અલબત્ત, વિનમ્રતાથી કહેશે. પીઠ પાછળ બોલવાનું એમને કદી ફાવ્યું નથી. તો કવિ જાણે છે, પ્રેમ કરવો હશે તો એમાં અહમને સ્થાન હોઈ શકે નહિ. પોતે કવિ છે એનું અભિમાન મેં ક્યારેય એમનામાં જોયું નથી. માણસને માણસ તરીકે મળવું એ એમનો સ્વભાવ. તેથી જ તેઓ માણસ સુધી, માણસના મન સુધી જવાની વાત કરે છે -

**ન ધરા સુધી, ન ગગન સુધી, નહિ ઉન્નતિ, ન પતન સુધી,**

**અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.**

'ગની' ક્યારેક ફરિયાદના સૂરમાં પણ માણસની જ વાત માંડે છે. અહીં મનુષ્યનો સ્વભાવ આબાદ ઝડપ્યો છે. 'ગની'ચાચાને માણસની પરખ હતી, માનવમનને એ ઝડપથી સમજી શકતા. આજે 'ફેઈસ રીડિંગ'ની ચર્ચા મનોવિજ્ઞાનમાં છે. પણ 'ગની'ચાચા માણસના 'કૅરેક્ટર'ને આબાદ ઓળખી લેતા. માનવસ્વભાવને અહીં 'ગની'એ આબાદ પકડ્યો છે -

**વર્ષોથી 'ગની' નિજ અંતરમાં એક દર્દ લઈને બેઠો છું,**

**છો એનું તમે ઔષધ ન બનો, પણ દર્દ વધારો શા માટે ?**

'ગની'ચાચાની મક્કમતા અદ્‌ભુત. કોઈ પણ પરિસ્થિતિમાં એઓ હારે નહિ. હસતાં હસતાં એનો મુકાબલો કરે, દઢતા એમનો સ્વભાવ. નક્કી કરે, એ કરીને જ રહે. જીવનના સંઘર્ષથી ગઝલશ્રેષ્ઠી તરીકેની સફર રોમાંચક હોય એ સ્વભાવિક છે.

**અમે ઓ રાહબર ! આગળ વધીશું તવ નજર રૂપે,**

**નથી કંઈ કાફલાની ધૂળ કે પાછળ રહી જાશું.**

'ગની'ચાચા આજે ટેલરિંગની દુકાનથી નહિ, પણ એમની કવિતાથી જાણીતા છે. 'ગની' ગઝલના વિશ્વમાં ઉચ્ચતમ શિખરે પહોંચ્યા, એ એમની શ્રેષ્ઠ ગઝલોને કારણે.

'ગની'ચાચાનો જન્મ આમ તો સુરતમાં ૧૭મી ઑગસ્ટ, ૧૯૦૮માં છીપા કોમમાં થયો હતો. પણ થોડોક વખત એ અમદાવાદ પણ રહ્યા હતા. કાપડ પર લાકડાનાં બીબાં દ્વારા છાપકામ કરવાનો હુન્નર અબ્બા કરે. કાળુપુરમાં વીંછી ખૂબ, તેથી અબ્બાએ અમદાવાદ છોડવાનો નિર્ણય કર્યો ને સૂરતના ગોપીપૂરાના વહોરવાડમાં સ્થાયી થયા. એક પૂરક માહિતીને સાચી માનીએ તો આઝાદીની ચળવળના પ્રક્ષોભના સમયમાં અમદાવાદમાંની પોલીસ કે લશ્કરી ચહલપહલથી પણ વડીલો ડરી ગયા હતા ને 'ગની'ની માતાને પણ સલામતીની ખૂબ ચિંતા રહેતી હતી. એથી પણ કદાચ 'ગની'ભાઈ પછી સુરતમાં સ્થાયી થયા હતા. સાધુસંતોના અખાડા પરની ધજા પર જરીભરત

કરવાનો ધંધો સ્વીકાર્યો. અબ્બા સાથે 'ગની'ચાચા પણ મંદિર-અખાડામાં કામ માટે રખડતા. જો કે મોટાભાઈના અકાળ અવસાનથી જરીભરતનો ધંધો બંધ થયો. એ પછી અબ્બાએ દહીંની દુકાન ખોલી હતી. એ પરથી 'ગની'ચાચાની અટક દહીંવાલા પડી.

ગોપીપૂરા સુભાષચોકમાં એમણે ટેલરિંગની નાનકડી દુકાન ખોલી હતી. જો કે 'ગની'ચાચા એને મજાકમાં 'ટેલરિંગ ફર્મ'તરીકે ઓળખતા. એ વખતે અમીન 'આઝાદ'ની સાઈકલની દુકાને પણ બેસવાનું એમને થતું. એ રીતે ગઝલનો 'ગ' ઘૂંટતા ગયા. એમનો પ્રથમ મુશાયરો આર્ય સમાજ હૉલમાં પંક્તિ પરથી હતો. પંક્તિ હતી-'રણઝણાવે જે હૃદયના તારને.' આમ પૌઢ વયના પણ કવિ તરીકે નવોદિત 'ગની'ને પાનો ચડાવતા શયદાએ એ વખતે કહ્યું હતું, 'છોકરા લખતો રહેજે.' 'ગની'ચાચાએ જાણે એમનો પડ્યો બોલ ઝીલ્યો. એઓ લખતા ગયા, બસ લખતા જ ગયા.

'ગની'ચાચાને મેં સુમધુર કંઠે ગાતા સાંભળ્યા છે. શુદ્ધ કવિતા તો ખરી જ, વળી સાથે તરન્નુમમાં ! શ્રોતાઓને તો જાણે જલસો પડી જતો. 'વાહ વાહ' ને 'દુબારા'એ 'ગની'ની ગઝલોને વધુ લોકપ્રિય બનાવી. ગઝલના છંદ એમના રક્તમાં હતા. વળી સૂર-સંગીત પણ જાણે, તેથી 'ગની'ની ગઝલો સરળ ને સીધું નિશાન તાકનારી છે. ગઝલમાં અદના આદમીનો અવાજ-સંવેદન ઘુંટાયું છે. સચ્ચાઈ છે, શૅરિયત છે ને સાથે નાવીન્યસભર વિષયો છે. ગઝલ ઉપરાંત ગીત પણ એમની વિશિષ્ટતા છે. **ગાતાં ઝરણાં** (૧૯૫૩), **મહેંક** (૧૯૬૧), **મધુરપ** (૧૯૭૧), **નિરાંત** (૧૯૮૧) અને **'ફાંસ ફૂલની'** (૧૯૮૭) એમનાં ગઝલ-ગીત સંગ્રહો છે. **'ગનીમત'** એ ઇ. સ. ૧૯૭૧માં પ્રગટ થયેલો એવો વિશિષ્ટ સંગ્રહ હતો જેમાં પસંદ થયેલા શે'રો જ સમાવાયા હોય. હાસ્યકવિતા પણ એમણે લખી હતી. **'ગની' દહીંવાલાની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ** નામક મરણોત્તર સંપાદન કૌશિકકુમાર દીક્ષિતે કર્યું છે.

**ઊભો છું લઈને હૈયાપાત્ર, યાચું કંઈક એવું કે,**
**જગત નિજની કથા સમજે, મને મારું કવન લાગે.**

'ગની'ચાચાએ કવિતામાં ભલે પોતાનાં જ સંવેદનો મૂક્યાં હોય, પણ એ કંઈક એવી વિશિષ્ટ રીતે મુકાયાં છે કે ભાવકને એવું જ લાગે કે એનાં જ ઇચ્છા-સ્વપ્નો છે. કવિતા જ્યારે કવિની મટીને આમ આદમીની બની જાય છે ત્યારે એ કાવ્યકૃતિ અમર થઈ જાય છે. કવિ હોય કે ન હોય, એની ગઝલ-કવિતા સદાય લોકોની જીભે રમતી હોય છે.

'ગની'ચાચાનું દેહાવસાન તા. ૩જી માર્ચ, ૧૯૮૭ના રોજ થયું. ત્યારે એક રીતે જોઈએ તો ગઝલનો ઝળહળતો સૂર્ય અસ્ત થયો. એમના જનાજામાં હું ગયો હતો. એ દશ્ય હજુય હું વિસરી શક્યો નથી. અલબત્ત, કવિનું ક્યારેય અવસાન થતું નથી. એ તો લોકહૃદયમાં કાયમ રાજ કરતો હોય છે. તો એય એટલું જ સાચું કે ગઝલકાર 'ગની' દહીંવાલાનો સૂર્ય હજુય મધ્યાન્હે જ છે. તેથી અંતે તો 'ગની'ચાચાના આ જ શૅરને આપણે મમળાવીએ -

**જિંદગીનો એ જ સાચોસાચ પડઘો છે 'ગની',**
**હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે.**

# શબ્દોનાં ગાતાં ઝરણાંની મીઠી મહેંક : 'ગની'ભાઈ

નયન દેસાઈ



'ગની' દહીંવાલા જેવી 'ગઝલ-વિભૂતિ' ગુજરાતી ભાષાને આપવા બદલ, ગુજરાતી ગઝલ સાહિત્ય હંમેશ, સૂરતનું ઋણી રહેશે. 'ગની'ભાઈ એટલે એક નખશિખ કવિતા..... નખશિખ ગઝલ!

'ગની'ભાઈનો સૂરજ મધ્યાહ્ને તપતો હતો ત્યારે તો મારો હજી 'વિદ્યાર્થી' કાળ..... જેમાં 'ગની'ભાગ લેવાના હોય તેવાં કવિસંમેલનોમાં લોકોની ખાસ્સી ભીડ રહેતી. તેઓ સુમધુર કંઠે ગઝલ / નઝમ / ગીત ગાતા હોય અને એવું પણ નહિ કે તેમની રચનામાં સંગીત-તત્ત્વ જ ભારોભાર હોય..... કાવ્યતત્ત્વ પણ એટલા જ પ્રચૂર પ્રમાણમાં હોય! એક આડવાત..... સુરતના નગીનચંદ હોલમાં તેમને ઠુમરી ગાતાં પણ મેં સાંભળ્યા છે!!

બાકી સામાન્ય રીતે કહી શકાય કે તેમની કવિતાઓમાં સંગીત, સંગીતની રીતે આવે..... કવિતાને પોષક અને પૂરક એવા ને એટલા પ્રમાણમાં.

'ગની'નાં ગઝલો અને ગીતોમાં મને આટલાં વાનાં ધ્યાનાર્હ લાગ્યાં છે : - (૧) વિચારમાધુર્ય (૨) નાદમાધુર્ય અને (૩) શબ્દમાધુર્ય. અલબત્ત ગઝલ કે ગીત સ્વરૂપમાં જો પ્રકારગત માધુર્ય હોય તે તો તેમાં હોય જ.

મારા આ પ્રસ્તુત લેખમાં આ ત્રણ વાનાં મુદ્દાસર અને વિશદતાથી ચર્ચવાનો ઉપક્રમ છે.

જગતભરની તમામ કલાઓ વિચારમાધુર્ય માંગી લેતી હોય છે. કવિતાની વાત કરીએ તો, અહીં તો વિચાર માધુર્ય જ કેન્દ્રસ્થાને હોય છે. અન્યથા કાવ્યકલા ચહેરાઈ જાય એવો સંભવ હોય છે. ગઝલની વાત કરીએ તો તેની એ સ્વરૂપગત વિશિષ્ટતા સતત ધ્યાનમાં રાખવી ઘટે કે ગઝલ એ સાતત્યસભર અને સળંગ કાવ્યપ્રકાર નથી. એટલે ગઝલના પ્રત્યેક શૈરમાં એકસરખા પ્રમાણમાં વિચારમાધુર્ય હોય તેવી ખેવના રાખી ન શકાય.

પ્રસ્તુત શેરનું વિચારમાધુર્ય જુઓ :

**તમે એ ડાળ છો જે ડાળ પર પહેલું સુમન લાગે.**
**હું એવું પુષ્પ છું, મહેંકી રહું જ્યાં જ્યાં પવન લાગે.**

('મધુરપ')

અહીં પ્રિયતમાને એવી ડાળરૂપે કલ્પવામાં આવી છે જેના પર સૌપ્રથમ વાર ફૂલ ખીલે છે અને કવિ પોતે એવું પુષ્પ છે જે પવનનો સ્પર્શ થતાં જ મહેંકવા લાગે છે. અહીં વિચારમાધુર્ય કેવું છલકાઈ ઊઠે છે !

પ્રણય છે ત્યાં વિરહ છે, દર્દ છે, તડપની જવાળા છે આ વિરહની વાત કરવામાં વિચારની મધુરતા આ રીતે સાંગોપાંગ જળવાઈ રહે છે :

**ચમકંત સિતારા ડૂબી ગયા, નભમંડળ પણ વિખરાઈ ગયું;**

**ઓ આશ ! હવે એ ના આવે પોઢી જા વ્હાણું વાઈ ગયું...**

(ગાતાં ઝરણાં)

અરે, તમારા આગમનની પ્રતીક્ષામાં મેં જોયું હતું : આ સિતારાઓ કેવા ચમકતા હતા. જાણે મારી જેમ જ તેઓ પણ તમારી રાહ જોતા હતા. પણ તમે ન આવ્યા અને વ્હાણું પણ વાઈ ગયું ! આ બે મિસરાઓમાં જાણે વિરહનો આખો અધ્યાય પૂરો થઈ ગયો.

'રણકો' નામના તેમના એક ગીતમાં પણ આવું સરસ વિચારમાધુર્ય માણી શકાય છે :

**રણકો ફૂટ્યો કંઠની ક્યારીએ**

**કે રણકો ઘેન કસૂંબલ કાવો**

**કે રણકો ગરમાળાનો માવો**

જુઓ, આ ઘેન કસૂંબલ રણકો પછી ગરમાળાનો માવો બની જાય છે. ઉનાળામાં ગરમાળાના વૃક્ષને, તેનાં ફૂલોથી ઢંકાયેલું જોઈ આનંદ વિભોર થઈ જવાય છે ! એ ગરમાળો અહીં પ્રયોજી કવિએ કમાલ કરે દીધી છે.

'ભિખારણનું ગીત' કાવ્યમાં તો કવિનું વિચારસૌંદર્ય જાણે સોળે કળાએ ખીલે છે... અને તેથી જ આ ગીત 'ગનીંભાઈની ઉત્તમ કવિતાઓમાં સાધિકાર સ્થાન પામી ચૂકી છે. કોઈ પણ જાતના ઉહાપોહ વગર કવિ લાગણીને બહેકાવ્યા વગર માત્ર ને માત્ર વિચાર-સૌંદર્ય વડે કાવ્યને સફળતાને શિખરે સ્થાયી શકયા છે. મજાનું ગીત ગાતી ભિખારણને સોના-રૂપાનાં બેડલાં, અતલસ-અંબરનાં ચીર અને શરદપૂનમના ચાંદનાં ઓરતાં છે, જ્યારે હકીકતમાં તેના વાળ જીંથરિયા ને જૂવાળા છે! સામાન્ય ભિખારણની અસામાન્ય માગણી જાણી વાચક-ભાવકની આંખો ભીની થયા વગર રહેતી નથી, 'ગાતાં ઝરણાં' નું એ ગીત આપણને IF WISHES WERE HORSES..... ઉક્તિ યાદ અપાવે છે છતાં ભિખારણ પ્રતિ આપણો સમભાવ પણ અકબંધ રહ્યો છે !

'ગની'ભાઈના આ લખલૂંટ કાવ્યવૈભવમાંથી પસાર થતાં, બારીક નજરે ચડેલા એક નિરીક્ષણને પ્રસ્તુત કરવાનું મન થાય છે. અદકેરા અને પ્રથિતયશ ગઝલકાર એવા 'ગની'ભાઈએ એકાધિક અમર ગઝલો આપી છે, છતાં તેમનાં ગીતોમાં મને વિચારમાધુર્ય વધારે જણાયું છે.

અલબત્ત, આ વિધાનને ચર્ચવા અલગ લેખ કરી શકાય અને એના સમર્થન માટે ઘણાં ઉદાહરણો ટાંકવા જરૂરી છે, છતાં આ નિરીક્ષણ નોંધ્યા વગર રહી શકાતું નથી. આ જ લેખમાં આગળ ઉપર વિશેષ ઉદાહરણો આપવાનો ઈરાદો પણ છે જ.

શક્ય છે, ગીત રસાળ હોય એટલે એમાં વિચારમાધુર્ય વિપુલ પ્રમાણમાં માણવા મળે. પરંતુ ગઝલોમાં પણ આવાં સૌંદર્યબિંદુઓના મધપૂડા જોવા મળશે જ. જેમ કે -

**લઈ લો, રૂપ મારું, આપની સૂરત મને આપો**

**તમે તરણું ઉપાડી લો અને પર્વત મને આપો.**

(મહેંક)

પ્રેમ એટલે જ અપરિમેય સૌંદર્ય ! સ્વ. વેણીભાઈ પુરોહિત પણ કહેતાં કે પ્રેમીઓ કદરૂપા

હોઈ શકે છે, પ્રેમ કદાપિ નહિ ! આવું વિચારસૌંદર્ય ભૂલી શકાય ખરું ?

**આપણે હે જીવ ! કાંઠા સમ જવું આઘા ખસી**
**કોઈનું ભરતી સમું જો હેત ઉભરાયા કરે.**

(મહેંક)

મને લાગે છે કે ગઝલમાં આવું વિચાર માધુર્ય જોવા મળે તો આનંદ વધારે થાય, કારણ કે ગઝલનો પ્રકાર જ એવો છે કે તેમાં એક ને એક બે-નો હિસાબ હોય છે... હોવો જોઈએ.

નાદમાધુર્ય પણ 'ગની'ભાઈની કવિતાનું એક આગવું લક્ષણ છે. શક્ય છે કે તેમનામાં એક ઉત્કૃષ્ટ કક્ષાનો ગાયક પણ બિરાજેલો હતો ને એટલે પણ આમ બન્યું હોય. એમનાં બધાં જ ગીત ગઝલોમાં અનુક્રમે છંદ અને લયનું વૈવિધ્ય અમે સમૃદ્ધિ જોવા મળે છે. 'ગની'ભાઈ મોટેભાગે છંદોવિધાનમાં પણ ખબરદાર - સાવધ - રહ્યા છે. અવનવા છંદોનું ખેડાણ અહીં સરળતાથી ને સરસ રીતે થયેલું જણાય છે. નાદને છંદ અને લયથી કદીય અલગ પાડી શકાય નહિ. એ બરાબર જાણનાર 'ગની'ભાઈ અટપટા એવા ફારસી કામિલ છંદમાં પણ તેમની બેનમૂન સર્જકતા દાખવે છે. 'દિવસો જુદાઈના...' એ તેમની આવી સર્જકપ્રતિભાનું ઉત્તમ ઉદાહરણ છે. એમ કહી શકાય. પ્રત્યેક કવિએ પ્રત્યેક છંદમાંની વિશિષ્ટિ એવી નાદ કે લયની સમૃદ્ધિને આત્મસાત કરવી પડે જ. છંદ એટલે લઘુ-ગુરુની ચોક્કસ સંરચના જ નથી, તેનાથી ઘણું વિશેષ સિદ્ધ કરવાનું છે એમ આ તકે દૃઢપણે કહેવાનું મન થાય છે. આ ગઝલ ઉપરાંત 'ચમકેત સિતારા...' થી આરંભાતી તેમની ગઝલ 'ગની' ભાઈના છંદ-પ્રભુત્ત્વનાં ઉત્તમ ઉદાહરણો છે. આ રચનાઓમાં છંદ નાદબ્રહ્મના રમણે ચઢેલો લાગે છે.

'મહેંકમાંની **ઉપવને આગમન**' નામની સુવિખ્યાત ગઝલ પણ છંદની દૃષ્ટિએ અને નાદલીલાની દૃષ્ટિએ ઉત્તમ જણાય છે. એ જ રીતે 'વાસંતી વાયરે' નામનું તેમનું ગીત પણ ઉલ્લેખનીય છે. 'વાયરે' સાથે 'હાય રે' ની પ્રાસરચના કવિની ઉત્તમ સૂઝની પરિચાયક છે. સીધું સપાટ કહ્યા કરે તે કવિ શાનો ? 'ગની'ભાઈ તો નહિ જ !!

**કીધું અડપણું વાસંતી વાયરે.. હાય રે.. હાય રે...**
**નહીં બોલાય, નહિ છાનું રહેવાય.. હાય રે.. હાય રે...**

આ ગીત ગાતાં કે ગણગણતાં કોઈપણ ગાયક કે વાચકને તેના લયની છાકમછોળ માણવાનો લહાવો મળ્યા વગર રહેતો નથી.

આ સંદર્ભે 'નૂપુરની ઘૂઘરી' નામનું ગીત પણ જરૂર યાદ કરીશ. નૂપુરની છૂટી પડીને રસ્તામાં રઝળતી એક ઘૂઘરીને જોઈને કવિને આ કાવ્ય સ્ફૂર્યું છે. તેમાંની નાદલીલા રમણીય છે.

**ઓ નૂપુરની ઘૂઘરી**
**ક્યાં રાહમાં આવી પડી**
**ને વળી મારી જ નજરે ક્યાં ચડી ?...**

(મહેંક)

આ કાવ્યને 'ઓ-નૂ-પુર-ની ઘૂઘરી' એ રીતે શબ્દો છૂટા પાડીને લયમાં મોટેથી ગાઈ-

લલકારી જોવા જેવું છે. કવિને આવો નાદવૈભવ સહજસાધ્ય હોવાનું જરૂરથી વાચકને જણાશે.

હવે શબ્દ-માધુર્યની વાત કરીએ, શબ્દ તો કવિતાનો પ્રાણ હોય છે. 'ગની'ભાઈના કાવ્યોમાં બન્ને પ્રકારના શબ્દો : (૧) શિષ્ટ નાગરી અને સંસ્કારી ભાષાના શબ્દો તેમજ (૨) તળપદા ગામઠી કે લોકબોલીના શબ્દો... જોવા મળે છે. કવિ આત્મ સૂઝ વડે જ્યારે જોવા શબ્દોનો ખપ પડે, ત્યારે તેવા શબ્દો યોજી શકે છે. 'લોહીનું પાણી કરીને' પડછાયો પોંદાઈ જવો ઉતર્યા ગરોળીના ગલ જેવા ગામઠીને અ-કાવ્યાત્મક શબ્દો પણ જોવા મળ છે. કોઈને તે સુરુચિની સીમાની બહારના પણ જણાય, તો બીજી બાજુ તેમને શિષ્ટ ભાષાના નાગરી શબ્દોનીય ખોટ નડતી નથી. એકંદરે કવિ ખૂબ જ કુશળતાશ્રી બાવકને તુર્ત જ પ્રત્યાયન થાય એવી ભાષા પ્રયોજે છે... પછી ભાવ સુપેરે નિષ્પન્ન જાય જ... તેમાં શી નવાઈ?

કવિના ગઝલ-માધુર્યની તો શી વાત કરીએ? ગઝલ-માધુર્ય એટલે ગઝલમાં રહેલ તગઝઝુલનું માધુર્ય એક ઉદાહરણ જુઓ -

**ક્ષમા કરતું રહે કોઈ, હંમેશાં કરગરે કોઈ**
**હવે એ ટેવ આપણ બે મહીંથી પરહરે કોઈ**

('મધુરપ')

એકાદ વિચાર-બુટ્ટો પણ બરાબરનું તગઝઝુલ સાધી શકે છે :-

**જ્યાં સમજ આવી તો હું સમજી પ્રથમ બોલ્યો, 'ગની' !**
**આજથી નિર્દોષ મારા બાળપણનું શું થશે ?**

(મહેંક)

'ગની'ભાઈ કંઈ અભ્યાસી વિવેચક તો હતા નહિ. બહુધા આપસૂઝથી જ તેમણે કાવ્ય-કડીઓ કંડારી છે... પછી તે ગીતો કે ગઝલોનું સર્જન હોય - તેમ કહી શકાય. એક પ્રકારની સમજદારી કેળવીને જ તેમણે પોતાનું કામ પાર પાડ્યું છે.

ગઝલોમાં તેમણે સર્વત્ર ગઝલિયત એટલે તગઝઝુલ (અર્થાત્ ગઝલપણું) જાળવવાના સફળ પ્રયત્નો કર્યા છે. તો બીજી બાજુ ગીતોમાં લય અને રસાળતાને તેમણે ક્યારેય નબળાં પડવાં દીધાં નથી. મુખડા અને અંતરાઓમાં બધે જ તેમની કાવ્યગત માવજત દેખાઈ આવે છે. ઘણી જગ્યાએ જોવા મળે છે - મુખડું આકર્ષક હોય પણ છેલ્લા અંતરા સુધી પહોંચતાં પહોંચતાં ગીત લથડી જતું હોય છે - તેવું 'ગની'ભાઈનાં ગીતોમાં ભાગ્યે જ જોવા મળે છે. ગીતના વિષયવસ્તુને બરાબર વળગી રહીને વફાદારીપૂર્વક તેનું નિર્વહણ કરવું એ તેમનો આગવો વિશેષ છે. ઉ.દા.ત. 'ભિખારણનું ગીત'... અહીં તેઓ વિષયથી જરા ય ઉફરા ગયા નથી - તે જ રીતે 'સરિતાને' નામના 'ગાતા ઝરણાં'માંના અતિ લાંબા ગીતમાં પણ તેમણે સરિતાની ગતિ તો જાળવી જ છે, પરંતુ મુખડા કરતા નાના નાના અંતરાઓ રાખી નદીના વળાંકો કે અસમાન વહેણને પણ ચિત્રિત કર્યું છે.

'ગની'ભાઈની ગઝલોમાં કાફિયા અને રદીફનું ચયન પણ ખૂબ જ સરસ રીતે થયેલું જણાય છે. ગઝલમાં અપેક્ષિત એવી ભાવની પુષ્ટતા, કફિયાને રદીફનું શેરમાં બરાબર રીતે

ઓગળી જવું ને વાતચીતની જીવંતતા દર્શાવવા સંબોધનની યોજના કરવી પણ 'ગની'ભાઈની વિશેષતા છે.

ગુજરાતી ગઝલની પરંપરાનું જ મનોહર અનુસંધાન ગણી શકાય એવા આ ગઝલકાર ક્યારેક ગઝલકારોના કાફલાથી અલગ ચાલવાનો ય પ્રયાસ કરે છે. તેના સુફળ રૂપે **પી ગયો છું** ('મધુરપ') અને 'સ્વજન સુધી' (મહેંક) જેવી યાદગાર ગઝલો તેઓ ગુજરાતી કવિતાને ચરણે ધરે છે.

'ગની'ભાઈની ગઝલયાત્રા અત્યંત ફળદાયી નિવડી છે તેનું મુખ્ય કારણ 'મહાગુજરાત ગઝલ મંડળ' દ્વારા ત્રણેક દાયકા સુધી ચાલેલી મુશાયરા પ્રવૃત્તિને પણ ગણાવી શકાય. આ મંડળના સ્થાપનાકાળથી જ તેમાં સક્રિય રહીને ગુજરાતનાં અનેકાનેક નાનાં-મોટાં નગરો કે ગામ સુધી અન્ય નામી શાયરો સાથે ઘૂમી વળી પોતાના મધુર કંઠ અને એવા જ પ્રેમાળ વ્યક્તિત્વનાં કામણ કરીને 'ગની' ભાઈએ ગુજરાતી ગઝલને અસાધારણ ઊંચાઈ આપી છે, લોકપ્રિયતા પણ રળી આપી છે.

ક્યાંય પણ છીછરા કે સસ્તા થયા વગર, 'વાહવાહી'ના ટૂંકા રસ્તા લીધા વગર તેમણે લાંબા સમય સુધી વિદ્વાનો કે સામાન્ય જનતાનાં હ્દયમાં અમીટ સ્થાન જમાવ્યું છે.

'ગની'ભાઈના ભાગ્યમાં વિદેશ ગમનતો યોગ ઝાઝો નહીં હોય, પણ તેમનાં અમર ગીત-ગઝલો અનેક ખ્યાતનામ સુગમ સંગીતના કે ફિલ્મોના ગાયકો દ્વારા દેશદેશાવરમાં ગૂંજતાં થયાં છે, તેમના અવસાનના બેક દાયકા પછી પણ અમેરિકામાં ગુજરાતી સુગમસંગીતનું ફાઉન્ડેશન ચલાવી સુંદર પ્રવૃત્તિ કરનાર શ્રી લલિતભાઈ શાહે 'ગની'ભાઈની ગઝલોનો સુંદર પ્રોજેક્ટ હાથ ધર્યો છે, તે બદલ તેમને અને અન્ય કાર્યકરોને અનેક હાર્દિક અભિનંદન ! સુરતમાં 'ગની'ભાઈનો જીવનનો મોટો ભાગ વીત્યો ને પોતાનો, અહીંથી જ ગઝલકાર તરીકેનો અસાધારણ વિકાસ કરી શક્યા છે તે બદલ સુરત ગૌરવ અનુભવે છે.

સુરત-રાંદેર અને ગુજરાતી-ઉર્દૂ ગઝલો વચ્ચેનો જે ઐતિહાસિક અને આત્મીય સંબંધ છે. તેના સ્થાપન સંવર્ધનમાં 'ગની' દહીંવાળાનો ફાળો છે. તેમની સાથે રહીને તેમની છાંયમાં, અન્ય નામી ગઝલકારોની જેમ મને પણ તક મળી છે, તેનો મને ગર્વ છે.

શ્રી લલિતભાઈ શાહે 'ગની'ભાઈ સંબંધી સંપાદન અને ઓડિયો સીડી તૈયાર કરવામાં સુરતના જ શ્રી બકુલેશ દેસાઈનો કવિ મનસુખ નારિયા તેમજ નામી સંગીતકારોનો સાથ લીધો છે તેથી પણ આનંદ થાય છે, કેમ કે સુરતવાસી તરીકે ને ગઝલકાર તરીકે મને અમને 'ગની'મય બનવાની તક મળી છે.

એક અદના ગુજરાતીભાષી તરીકે, સંનિષ્ઠ ગઝલકાર તરીકે ને સુરતવાસી - 'ગની'ના અદના સહ-કવિ તરીકે પણ આ કાર્યમાં સંકળાવાનું બન્યું તેનો આનંદ છે. આભાર. ધન્યવાદ.

- નયન દેસાઈ


*ફોન : ૦૨૬૧-૨૭૬૭૦૫૫*

સુરત

તા.૧૫-૧૧-૦૭

# 'ગની' દહીંવાલા : માહિતીના આયનામાં

- *સુરેશ વિરાણી*



પુરું નામ : અબ્દુલગની અબ્દુલકરીમ દહીંવાલા

જન્મ તા.: ૧૭-૮-૧૯૦૮

જન્મ સ્થળ : ગોપીપુરા, વહોરવાડ, સુરત.

બાળપણમાં જ પરિવાર સાથે અવાર-નવાર સુરત અને અમદાવાદ વચ્ચે અવરજવર. ગોપીપુરા, વહોરવાડમાં ત્યાર બાદ સ્થાયી વસવાટ. ઈ.સ. ૧૮૪૦માં બનેલ મકાન તેમને નામ મુલ્લાજી તરફથી ભેટમાં મળેલ હતું. તે નોંધવું ઘટે. વ્યવસાય દરજીકામનો... ગોપીપુરાના સુભાષ ચોક (ઝવેરી બજાર) માં નાનકડી દુકાન.

શાળાનું શિક્ષણ ત્રણ ગુજરાતી ચોપડી સુધી.

પ્રથમ ગુજરાતી મુશાયરો ઈ.સ. ૧૯૪૩ માં આર્યસમાજ, સોની ફળિયા, સુરત ખાતે.

ઈ.સ. ૧૯૭૮ની ૨૯ મી જાન્યુઆરીએ તેમની ૭૦ મી વર્ષગાંઠ ઉજવાઈ.

'શ્વાસ-ઉચ્છ્વાસ' અભિનંદન ગ્રંથ પ્રગટ થયો.

અવસાન તા. ૫-૩-૧૯૮૭

## કાવ્ય સંગ્રહો

ઈ.સ. ૧૯૫૩ - ગાતાં ઝરણાં

ઈ.સ. ૧૯૬૧ - મહેંક

ઈ.સ. ૧૯૭૧ - મધુરપ

ઈ.સ. ૧૯૭૪ - ગનીમત (ચૂંટેલા શે'રોનો સંચય)

ઈ.સ. ૧૯૮૧ - તિરાંત (ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત)

ઈ.સ. ૧૯૮૮ - ફાંસ ફૂલતી

સંપાદન : 'ગની' દહીંવાલાનાં કાવ્યો સંપાદકો-સરોજ પાઠક અને રમણલાલ પાઠક (ઈ.સ. ૧૯૮૭)

'ગની' દહીંવાલાની શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ (મરણોત્તર:)

પ્રવૃત્તિનાં અન્ય ક્ષેત્રો : મહાગુજરાત ગઝલ મંડળ દ્વારા મુશાયરા પ્રવૃત્તિ, રાષ્ટ્રીય કલા કેન્દ્ર સુરત દ્વારા લલિતકલા પ્રવૃત્તિ.

# કવિનો પરિવાર

- ઈ.સ. ૧૯૨૮ માં ઝયનબબીબી સાથે લગ્ન.
- પુત્ર-અબ્દુલ ગફુર : ગવ. ગર્લ્સ પોલિ. સુરતના નિવૃત્ત હેડકલાર્ક.
- પુત્રીઓ-સુગરાબીબી, હુશેના બીબી, રાબિયાબીબી અને રશીદા
- પૌત્રો : ફિરોઝ, યુનુસ...
- પૌત્રી : જબીન
- ૧૯૭૧ માં કવિએ સાત્નીક પવિત્ર હજયાત્રા પણ કરી હતી.

કવિની છબીઓ, પુસ્તકો વ.નો અમૂલ્ય વારસો જાળવી રાખી સાહિત્ય પ્રીત્યર્થે નિઃસ્વાર્થ ભાવે સૌ કોઈને સમુદિત રીતે વિતિયોગ કરવાની છૂટ આપી ખાનદાની પણ દાખલ છે.

*સંકલનકાર : સુરેશ વિરાણી*

# અનુક્રમણિકા...


| ક્રમ | લેખ / કૃતિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | જો કહું વિનમ્ર ભાવે (સંસ્થા પરિચય) | ૪ |
| ૨ | જુદાઈથી સંસ્મરણ સુધી... (બકુલેશ દેસાઈ) | ૫ |
| ૩ | 'ગની'ભાઈના વ્યક્તિત્ત્વનાં... (મનસુખ નારિયા) | ૭ |
| ૪ | ગઝલકાર 'ગની'... (જનક નાયક) | ૯ |
| ૫ | શબ્દોનાં ગાતાં ઝરણાં... (નયન દેસાઈ) | ૧૨ |
| ૬ | 'ગની' દહીંવાલા માહિતીના... (સુરેશ વિરાણી) | ૧૭ |
| ૭ | 'ગની' દહીંવાલાની ગઝલો | ૨૧ થી ૭૨ |
| ૮ | 'ગની' દહીંવાલાનાં ગીતો | ૭૩ થી ૭૯ |
| ૯ | તઝમીન | ૮૦ |
| ૧૦ | 'ગની' દહીંવાલાની ગઝલોની મૌસિકી (ડૉ. પ્રફુલ્લ દેસાઈ) | ૮૧ |
| ૧૧ | દિવસો જુદાઈના : આસ્વાદલેખ (સ્વ. જગદીશ જોશી) | ૮૬ |
| ૧૨ | મજાની આંબાવાડી : આસ્વાદલેખ (સ્વ. જગદીશ જોશી) | ૮૮ |
| ૧૩ | 'ભિખારણનું ગીત'... : આસ્વાદલેખ (પ્રા. સંધ્યા ભટ્ટ) | ૯૦ |
| ૧૪ | તિરાડ પડી (ગીત) 'ગની' દહીંવાલા (સ્થાનપૂર્તિ તરીકે) | ૯૩ |
| ૧૫ | 'ગની' સ્મૃતિ... છબીઓમાં... વિવિધ છબીઓ | ૯૪ થી ૧૦૦ |

વિવેકી કવિદૃષ્ટિ તેમજ જીવનદૃષ્ટિનો પરિચય 'ગની'ભાઈની કવિતામાં વારંવાર થાય છે. તેઓ બહિર્મુખ થઈને અંતર્મુખ થતા નથી, પણ અંતર્મુખ થઈને બહિર્મુખ થાય છે... કવિનો ધર્મ-તેની ભાષા અને તેનું વતન ગમે તે હોય તથાપિ હૃદય ધર્મ છે. જાગતિક માનવનો વિમલ ચેતન ધર્મ છે તે ભાવ પણ 'ગની'ભાઈ ઉચ્ચરે છે.

*- ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી*

# લઈને આવ્યો છું

હ્રદયના ભાવ, પાંખે કલ્પનાની લઈને આવ્યો છું,
સિતારાઓ ! સુણો કથની ધરાની લઈને આવ્યો છું.

હજારો કોડ, ટૂંકી જિંદગાની લઈને આવ્યો છું,
સમય થોડો અને લાંબી કહાની લઈને આવ્યો છું.

સમયની પીઠ પર બેસી વિહરનારા ભલે રાચે,
તમન્ના હું સમયને દોરવાની લઈને આવ્યો છું.

તૃષાતુર વાટ ! તારે મારી પાછળ દોડવું પડશે,
ભર્યાં છે નીર છાલામાં, એ પાની લઈને આવ્યો છું.

જગત-સાગર, જીવન-નૌકા, અને તોફાન ઊર્મિનાં,
નથી પરવા, હ્રદય સરખો સુકાની લઈને આવ્યો છું.

ઊડીને જેમ સાગર-નીર વર્ષા થઈને વરસે છે,
જીવન ખારું, છતાં દૃષ્ટિ કળાની લઈને આવ્યો છું.

'ગની', ગુજરાત મારો બાગ છે, હું છું ગઝલ-બુલબુલ,
વિનયથી સજ્જ એવી પ્રેમ-બાની લઈને આવ્યો છું.

# શા માટે ?

જે શોધમાં ગુમ થઈ જાવું હો, એ શોધને આરો શા માટે ?
નૌકાને વળી લંગર કેવું ? સાગરને કિનારો શા માટે ?

શેકાઈ ચૂક્યું છે કૈંક સમે સૌન્દર્યની ઉષ્માથી જીવન.
આંખોને ફરી આકર્ષે છે રંગીન બહારો શા માટે ?

મદમસ્ત યુવાનીની શિક્ષા ઘડપણને મળે એ ન્યાય નથી,
તોફાન થયું છે ભરદરિયે, સપડાય કિનારો શા માટે ?

પ્રત્યક્ષ સુણી છે આ ચર્ચા મેં તારલિયાની ટોળીમાં :
રાત્રિએ અવિરત જાગે છે આ એક બિચારો શા માટે ?

મૃત્યુએ વધારી દીધી છે સાચે જ મહત્તા જીવનની,
અંધાર ન હો જ્યાં રજનીનો, પૂજાય સવારો શા માટે ?

અપમાન કરીને ઓચિંતા મહેફિલથી ઉઠાડી દેનારા !
મહેફિલમાં પ્રથમ તેં રાખ્યો'તો અવકાશ અમારો શા માટે ?

તોફાન તો મનમાન્યું કરશે પણ એય વિમાસણ છે મોટી :
નૌકાને ડુબાડી સર્જે છે મઝધાર કિનારો શા માટે ?

વર્ષોથી 'ગની' નિજ અંતરમાં એક દર્દ લઈને બેઠો છે,
છો એનું તમે ઔષધ ન બનો, પણ દર્દ વધારો શા માટે ?

# લાગણીવશ હ્રદય

તું ન માને કહ્યું, તું ન વર્તે સમય,
લાગણીવશ હ્રદય ! લાગણીવશ હ્રદય !
છે મને રાત દી એક તારો જ ભય,
લાગણીવશ હ્રદય ! લાગણીવશ હ્રદય !
જોતજોતામાં થઈ જાય તારું દહન,
વાતોવાતોમાં થઈ જાય અશ્રુ-વહન,
દવ દીસે છે કદી તો કદી જળપ્રલય,
લાગણીવશ હ્રદય ! લાગણીવશ હ્રદય !
કોઈ દુખિયાનું દુઃખ જોઈ ડૂબી જવું,
હોય સૌન્દર્ય સામે તો કહેવું જ શું !
અસ્ત તારો ઘડીમાં, ઘડીમાં ઉદય,
લાગણીવશ હ્રદય ! લાગણીવશ હ્રદય !
એ ખરું છે, કે દુઃખ મુજથી સે'વાય ના,
એ ય સાચું તને કાંઈ કે'વાય ના,
હાર એને ગણું કે ગણું હું વિજય ?
લાગણીવશ હ્રદય ! લાગણીવશ હ્રદય !
આભ ધરતીને આવી ભલેને અડે,
તારે પગલે જ મારે વિહરવું પડે !
તારી હઠ પર છે કુરબાન લાખો વિનય,
લાગણીવશ હ્રદય ! લાગણીવશ હ્રદય !
મારે પડખે રહી કોઈનો દમ ન ભર,
સાવ બાળક ન બન, ઉદ્ધતાઈ ન કર !

બીક સંજોગની છે, બૂરો છે સમય,
લાગણીવશ હૃદય ! લાગણીવશ હૃદય !
એક વાતાવરણ સરજીએ હર પળે,
આ જગતની સભા કાન દઈ સાંભળે,
હું કવિતા બનું, તું બની જા વિષય,
લાગણીવશ હૃદય ! લાગણીવશ હૃદય !
એક સોનેરી અપરાધની તું સજા,
પાત્રમાં દુઃખના જાણે ભરી છે મઝા,
જખ્મ રંગીને છે, દર્દ આનંદમય,
લાગણીવશ હૃદય ! લાગણીવશ હૃદય !
પારકી આગમાં જઈને હોમાય છે,
તારે કારણ 'ગની' પણ વગોવાય છે.
લોકચર્ચાનો એ થઈ પડ્યો છે વિષય,
લાગણીવશ હૃદય ! લાગણીવશ હૃદય !

# હકદાર લાગે છે

નર્યું પાણી જ મારા દર્દનો ઉપચાર લાગે છે,
રડી લઉં છું, મને જ્યારે હૃદય પર ભાર લાગે છે.

દિવસ તો જિંદગીના આંખ મીચીને કપાયા પણ,
ઉઘાડી આંખથી રાતો કપાતાં વાર લાગે છે.

મને બેસી જવા કહે છે, ઊઠે છે દર્દ જ્યાં દિલમાં,
હૃદયમાં દર્દ-રૂપે દર્દનો દેનાર લાગે છે.

હૃદયની આશને ઓ તોડનારા ! આટલું સાંભળ,
કમળ આ માનસરમાં ફક્ત એક જ વાર લાગે છે.

રુદનની ભીખ માગે છે પ્રસંગો જિંદગાનીના,
કરું છું દાન તેને જે મને હકદાર લાગે છે.

સનાતન રૂપ મારી કલ્પનામાં પણ નહીં આવ્યું,
જીવન કવિતા ! મને તું બુદ્ધિનો વ્યાપાર લાગે છે.

'ગની' વીતેલ જીવનનાં સ્મરણ તાજાં થયાં આજે,
ફરી ખખડાવતું કોઈ હૃદયનાં દ્વાર લાગે છે.

# મેઘાણી

અજબ સાહિત્યનો પીરસી ગયો રસથાળ મેઘાણી !
નવી શૈલી, નવા છંદો, નિરાળા ઢાળ, મેઘાણી !

હવે હે, મોરલા ! તારો અષાઢી કંઠ ક્યાં મળશે !
કવનનાં વૃક્ષ પર ખાલી છે તારી ડાળ, મેઘાણી !

સ્મરણમાં નિત નવા લેબાશમાં હું જોઉં છું તુજને,
કદી સાફો, કદી વાંકડિયા તારા વાળ, મેઘાણી,

કદી અંધારમાં 'ઈન્સાનિયતના દીવડા' આપ્યા,
કદી 'ધરતીનું ધાવણ' દઈ ઉછેર્યાં બાળ, મેઘાણી !

વગાડી તેં નજાકતથી કદી 'ટાગોરની વીણા'
સરળતાથી સુણાવ્યા ચારણોના ઢાળ, મેઘાણી !

અચાનક તેં સભામાંથી ઊઠીને ચાલવા માંડ્યું,
બધા શ્રોતાઓને હૈયે પડી છે ફાળ, મેઘાણી !

# સ્વજન સુધી

દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી;
મને હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી, ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી;
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.

હજી પાથરી ન શક્યું સુમન પરિમલ જગતના ચમન સુધી;
ન ધરાની હોય જો સંમતિ, મને લૈ જશો ન ગગન સુધી.

છે અજબ પ્રકારની જિંદગી કહો એને પ્યારની જિંદગી,
ન રહી શકાય જીવ્યા વિના, ન ટકી શકાય જીવન સુધી.

તમે રાંકનાં છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં;
જો અરજ કબૂલ હો આટલી, તો હૃદયથી જાઓ નયન સુધી.

તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી !
તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.

જો હૃદયની આગ વધી 'ગની' તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,
કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.

# ફૂલદાની

વિપદના કંટકોને ધૈર્યથી પુષ્પો બનાવીને,
જીવનની ફૂલદાની એમ બેઠો છું સજાવીને.

તમારી આકૃતિ એને કહું કે પ્રકૃતિદર્શન ?
સકળ વાતાવરણ થંભી ગયું આંખોમાં આવીને.

તમે આવો જીવનમાં, કાં મને આદેશ આપી દો,
કે ચાલ્યો આવ અહીંયાં, જિંદગીની હદ વટાવીને.

તમારી યાદમાં ફૂલોથી અદકું હાસ્ય વેર્યું છે,
નવી રીતે હસી લીધું અમે આંસુ વહાવીને.

સુખી કરવો હતો હૈયે વસેલા એક તિખારાને,
ભરી દીધી હૃદયમાં આગ દુનિયાભરની લાવીને.

મહેકો એમના સાંનિધ્યમાં, હે શ્વાસ-ઉચ્છ્‌વાસો !
પવન ફોરમ બને છે પુષ્પની નજદીક આવીને.

બચાવી નાવ તોફાનો થકી, પણ એ નહીં જાણ્યું:
કે તોફાનો ઉગરવા ચ્હાય છે નૌકામાં આવીને.

ગ્રહી લીધાં ચરણ અહીંયાં 'ગની', વાસ્તવની ધરતીએ,
ઉષા-સંધ્યા કહે છે રોજ, બેસો આંહી આવીને.

# મને આપો

લઈ લો રૂપ મારું આપની સૂરત મને આપો;
તમે તરણું ઉપાડી લો અને પર્વત મને આપો.

જગતથી આગવી એવી નજર અંગત મને આપો,
લૂંટાવી દો બધોયે બાગ, પણ રંગત મને આપો.

નથી ક્યારેય માગ્યું 'આભનું કિસ્મત મને આપો,'
ધરાની લાજ ખાતર શીશ તો ઉન્નત મને આપો !

બધે વ્યાપક હો એવું દર્દ, બસ અંગત મને આપો;
ખુદા થૈને રહો કિન્તુ બધી ખલકત મને આપો.

તમારો પ્યાર આખા વિશ્વના દેખત મને આપો,
તમે વો'રી લો બદનામી અને ઈજ્જત મને આપો.

હૃદય જંપીને બેસે એવી શાતા જાય જહાનમમાં,
જીવનમાં વ્યગ્રતા દઈ અવનવી જન્નત મને આપો.

હવે મંઝિલ નિકટ આવી ગઈ છે, તૂટતા શ્વાસો;
તમે થાકી ગયા હો તો જરી હિંમત મને આપો.

નજર કે'છે કે જીવનમાં ભરી લો હાસ્ય ફૂલોનું,
કહે છે દિલની દુનિયા, દર્દની દોલત મને આપો.

'ગની', થાકી ગયો પણ દિલ કહે છે પુત્રની પેઠે;
તમે આરામથી બેસો, બધી આરત મને આપો.

# તમન્ના

બનાવટની મધુરતામાં કટુતા પારખી જાશું,
નિખાલસ પ્રેમથી પાશે જગત, તો ઝેર પી જાશું.

અમારી દૃષ્ટિએ છે પાપ પડતીમાં રડી રહેવું,
પુનઃ વ્હાણે પ્રગટશું, સાંજના જો આથમી જાશું.

સજાવીશું તમન્નાઓની મહેફિલ એક દી જોજો,
ધરા ત્યાગે ગગન બનશે, અમે તારા બની જાશું.

જીવનની ડાળ ઉપર પુષ્પ રૂપે ફોરશું, કિન્તુ,
મધુકર વૃત્તિઓની સામે કંટક પણ બની જાશું.

અમે ઓ રાહબર ! આગળ ધપીશું તવ નજર રૂપે,
નથી કંઈ કાફલાની ધૂળ કે પાછળ રહી જાશું.

પડીશું તો ગગનના ઘૂમટેથી મહેલા રૂપે,
ઉરે ફળની તમન્ના લઈને માટીમાં મળી જાશું.

પતંગાની અગન લઈને 'ગની', કંઈ શોધીએ શાતા;
દીસે છે દૂર પેલી જ્યોત, ત્યાં જઈને બળી જાશું.

# ખોટ વર્તાયા કરે

જો અડગ રહેવાનો નિશ્ચય ધરતીના જાયા કરે,
એ પડે તો એનું રક્ષણ એના પડછાયા કરે.
માફ કર નિષ્ક્રિયતા, મારાથી એ બનશે નહીં !
જીવતાં મારી જગતને ખોટ વર્તાયા કરે.
એટલું ઉન્નત જીવનનું ધ્યેય હો સંતાપમાં,
વાદળી એકાકી જાણે ચૈત્રમાં છાયા કરે.
વિશ્વસર્જક, ઘાટને ઘડતરની આ અવળી ક્રિયા !
તારું સર્જન જિંદગીભર ઠોકરો ખાયા કરે ?
આપણે હે જીવ ! કાંઠા સમ જવું આઘા ખસી,
કોઈનું ભરતી સમું જો હેત ઊભરાયા કરે.
જે પૂનમના ચાંદ સમ ચમકે છે તેઓને કહો :
બીજરૂપે પણ નભે ક્યારેક દેખાયા કરે !
શાંત એ તોફાન દુનિયાએ કદી જોયું નથી,
આંખડી વરસી રહે ને કોઈ ભીંજાયા કરે.
આગવી મારી પરાધીનતા ગમી ગઈ છે મને,
કોઈ જિવાડ્યા કરે ને આમ જીવાયા કરે.
જિંદગીનો એ જ સાચોસાચ પડઘો છે 'ગની' :
હોય ના વ્યક્તિ, ને એનું નામ બોલાયા કરે.

# બહુ સારું થયું

જિંદગી પર વાદળું છાયું, બહુ સારું થયું,
ચિત્ર અંધારે ન દેખાયું, બહુ સારું થયું.
હું તો આ મહેફિલ મહીં આવીને મૂંઝાયો હતો,
ત્યાં તમારું નામ બોલાયું, બહુ સારું થયું.
જિંદગી આખી, પડ્યા આઘાત જેને ઝીલવા,
'દિલ' કહી એને નવાજાયું, બહુ સારું થયું.
હું તો મસ્તીમાં ન જાણે ક્યાંનો ક્યાં ચાલ્યો જતે,
ભાગ્ય સાથે લક્ષ્ય ભટકાયું, બહુ સારું થયું.
આપણી પાસે હતું જે ધન તે આંખોમાં હતું,
એ પ્રસંગોપાત્ત વપરાયું, બહુ સારું થયું.
શું કહું દુનિયામાં મારે શી રીતે હસવું પડ્યું !
એ રુદન તમને સંભળાયું, બહુ સારું થયું.
શાપ થૈ ગૈ કંટકો માટે ચિરાયુની દુઆ,
પુષ્પથી ઝાઝું ન જિવાયું, બહુ સારું થયું.
વીતવાની જે હતી વીતી ભલે અમ પ્રેમ પર,
રૂપનું પણ પોત પરખાયું, બહુ સારું થયું.
જિંદગીભર મોતને માઠું નથી લાગ્યું 'ગની',
છોને જિવાયું, ન જિવાયું, બહુ સારું થયું.

# ઉપવને આગમન

તમારાં અહીં આજ પગલાં થવાનાં,
ચમનમાં બધાંને ખબર થૈ ગઈ છે.
ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ,
ફૂલોની ય નીચી નજર થૈ ગઈ છે.
શરમનો કરી ડોળ સઘળું જુએ છે
કળી પાંદડાંઓના પડદે રહીને,
ખરું જો કહી દઉં તો વાતાવરણ પર
તમારાં નયનની અસર થૈ ગઈ છે.
બધી રાત લોહીનું પાણી કરીને
બિછાવી છે મોતીની સેજો ઉષાએ
પધારો કે આજે ચમનની યુવાની
બધાં સાધનોથી સભર થૈ ગઈ છે.
હરીફો ય મેદાન છોડી ગયા છે
નિહાળીને કીકી તમારાં નયનની,
મહેકંત કોમળ ગુલાબોની કાયા
ભ્રમર - ડંખથી બેફિકર થૈ ગઈ છે.
પરિમલની સાથે ગળે હાથ નાખી-
કરે છે અનિલ છેડતી કૂંપળોની,
ગજબની ઘડી છે કે પ્રત્યેક વસ્તુ,
પુરાણા મલાજાથી પર થૈ ગઈ છે.

# વસંતમાં

જોવા મળ્યું છે વનમહીં કાયમ વસંતમાં,
પથરાઈ ગૈ છે ફૂલની જાજમ વસંતમાં.
ઉધાનમાં જઈને કર્યા મેં તમોને યાદ,
ફૂલોને જોઈતી હતી ફોરમ વસંતમાં.
કોયલનાં ગીતમાંથી અમે ભાવ તારવ્યો,
આવી વસોને આંગણે વ્હાલમ વસંતમાં.
કુદરત કરી દે માફ એ રંગરાગી જીવને,
ખોવાઈ જાય જેમનો આતમ વસંતમાં.
યૌવાનનો ભાર ફૂલડાં ઝીલી નહીં શક્યાં,
ડાળી રહી શકી નહીં અણનમ વસંતમાં.
સૌંદર્યના ઉપાસકો, સર્વત્ર સાવધાન !
દૃષ્ટિને થૈ ન જાય કોઈ ભ્રમ વસંતમાં.
એ પ્રકૃતિની આંખમાં લજ્જાનો પ્રેમ છે,
જે લાલિમા જણાય છે ઉત્તમ વસંતમાં.
રસ માણ, રસપિપાસુ હ્દય ! ગુંજ ભૃંગ સમ;
માદક મહેક સાથ સદા રમ વસંતમાં.
પાપી હશે એ કોણ જે ગૂંગળાવે ગીતને,
કોકિલને કોણ શીખવે સંયમ વસંતમાં ?
સૂકાં નયન, હતાશ હ્દય, ને વદન ઉદાસ;
લેખાશે પાનખરનાં પરાક્રમ વસંતમાં.
સંધ્યા સમે દીઠો છે સગી આંખથી 'ગની',
ધરતી અને ગગનનો સમાગમ વસંતમાં.

# સુમધુર જબાન આપી

ઓ વિષાદ જિંદગીના જરી સુણજે ધ્યાન આપી,
કે જવું છે આ જગતને કોઈ દિવ્ય ગાન આપી.
બહુમાન જિંદગીનું તેં કર્યું સ્વમાન આપી,
ઓ વિધિ ! દરિદ્રતા પણ બહુ મૂલ્યવાન આપી.
મને જૂઠી આશા દઈને ન જિવાડ ઓ જમાના !
ન જમીન ઝૂંટવી લે ફક્ત આસમાન આપી.
રહી કંટકોની વચ્ચે નહીં ચૂપ રહી શકાયું,
તો સુવાસ સમ સુમનને સુમધુર જબાન આપી.
હું અભાગી તમને માગી ન શક્યો તમારી પાસે,
તમે કાંઈ પણ ન આપ્યું, મને કુલજહાન આપી.
અહીં આદિ-અંત, અહીંયાં છે જીવનમરણનાં ચક્રો;
તમે ગૂંચવી ન મારો મને અલ્પ જ્ઞાન આપી.
કહો પ્રેમની પ્રણાલી તમે સાચવી શક્યા છો ?
જઈ તે જગે વસ્યા છો મને આ જહાન આપી.
તમે પ્રેમ-દીપિકા છો, હું ફૂદો ફનાગીરીનો;
કોઈ આજીવન બળે છે, કાઈ દે છે જાન આપી.
ઓ ભલા ચમનનિવાસી, ઊઠો પાલવો ભરી લો !
કે જશું વસંત પેઠે અમે સર્વ દાન આપી.
હજી કંઈક વેદના તો છે હૃદયથી પણ અજાણી,
મેં હતાશ નાખુદાને ન કર્યો સુકાન આપી.
'ગની', બુદ્ધિના બજારે અમે લાગણી સજાવી,
ન કોઈએ ભાવ પૂછ્યો, ન અમે પિછાન આપી.

# મને થતું

મને થતું : ઢળી પડીશ હું અમુક શ્વાસમાં,
ભલું થયું, તમે મને મળી ગયાં પ્રવાસમાં !
હસી રહી'તી મંઝિલો, તજી ગયો'તો કાફલો;
થઈ રહ્યો'તો રાત-દિન દિશાઓનો, મુકાબલો.
ઊઠી ઊઢીને આંધીઓ તિમિર હતી પ્રસારતી,
રહી રહીને જિંદગી કોઈને હાક મારતી.
મને થતું કે કોણ એને લઈ જશે ઉજાસમાં ?
ભલું થયું, તમે મને મળી ગયાં પ્રવાસમાં !
ખરી જતાં ગુલાબને હવે ઝીલીશું ખોબલે,
ઊડી જતી સુવાસને સમાવી લેશું અંતરે,
ખડા થઈ જશું, વહી જતા સમયની વાટમાં,
ભરીશું હર્ષનો ગુલાલ શોકના લલાટમાં,
મને થતું કે ફેર કંઈ પડે હૃદયની પ્યાસમાં,
ભલું થયું, તમે મને મળી ગયાં પ્રવાસમાં !
વિકીર્ણ સોણલાંઓને વિવિધ રીતે સજાવશું,
ઠરી ગયેલ ઊર્મિને હૃદય-ઝૂલે ઝુલાવશું.
હવે કદી પવિત્ર જળ ધરા ઉપર નહીં ઢળે,
નયન-સમુદ્રથી જગતને મોતીઓ નહીં મળે.
મને થતું : વસાવું આ સુવર્ણને સુવાસમાં,
ભલું થયું, તમે મને મળી ગયાં પ્રવાસમાં !
તમે જ રાહ ને તમે જ રાહબર હતાં ભલા ?
તમે જ શું દશે દિશા ? તમે જ તૃપ્તિ ને તૃષા ?
ખરું પૂછું તો આદિથી હતી તમારી ઝંખના,
અદીઠને અનેક વાર મેં કરી છે વંદના;
મને થતું કે એ જ છે હૃદયની આસપાસમાં,
ભલું થયું, તમે મને મળી ગયાં પ્રવાસમાં !

# તરસ્યા હરણરૂપે

તમે હાજર હતાં એકાંતમાં વાતાવરણરૂપે,
સુખદ શ્વાસો સમય દેતો હતો એકેક ક્ષણરૂપે.

રુદનનું બે ઘડી અતિથ્ય સ્વીકાર્યું છે આનંદે,
નિમંત્રણ છે તમોને પણ; પધારો સંસ્મરણરૂપે.

દિવસ ધોળા કરે છે યાદ જ્યારે શ્યામ રજનીને,
તો એ આવી રહે છે મારા મનની મૂંઝવણરૂપે.

વલખતા વિશ્વના વલખાટનું હું મધ્યબિન્દુ છું;
પડ્યો છું એના હૈયામાં વહેતા કોઈ વ્રણરૂપે,

મૂકી છે દોટ બન્નેએ, હવે જે થાય તે સાચું;
જમાને ઝાંઝવાંરૂપે, અમે તરસ્યા હરણરૂપે.

અમે પણ કંઈ હકીકતરૂપ વાંચી છે વસંતોને;
દીઠાં છે ઓસબિન્દુ પાન ઉપર અવતરણરૂપે.

'ગની' આ ગૂંગળામણ છે કોઈ મૂગાની વાચાસમ,
પ્રગટશે કોઈ દિવસ, કોઈમાં પણ કોઈ પણ રૂપે.

# પી ગયો છું

ન તો કંપ છે ધરાનો, ન તો હું ડગી ગયો છું;
કોઈ મારો હાથ ઝાલો, હું કશુંક પી ગયો છું !

જો કહું વિનમ્રભાવે તો સૂરજ સુધી ગયો છું;
કે નજરનો તાપ જોવા હું નયન લગી ગયો છું.

હતો હુંય સૂર્ય, કિન્તુ ન હતી તમારી છાયા;
કંઈ વાર ભરબપોરે અહીં આથમી ગયો છું.

આ હ્રદય સમો તિખારો છે કરી રહ્યો ઈશારો :
કોઈ કાળે સૂર્યમાંથી હું જુદો પડી ગયો છું.

નથી કંઈ પ્રયાણ સરખું અને પથ કપાઈ ચાલ્યો;
નથી કાફલાની હસ્તી અને હું ભળી ગયો છું.

બહુ રાહતે લીધા છે મેં પસંદગીના શ્વાસો;
ન જિવાયું દર્દરૂપે તો સ્વયં મટી ગયો છું.

'ગની', પર્વતોની સામે આ રહ્યું છે શીશ અણનમ;
કોઈ પાંપણે ઢળ્યાં ત્યાં હું ઝૂકી ઝૂકી ગયો છું.

# શું થયું પાછું ?

વીતેલા દિવસોના ખોળિયામાં દિલ ગયું પાછું;
જિવાતી જિંદગી ! રોકાઈ જા, આ શું થયું પાછું ?

હ્દયના શ્વાસ ને ઉચ્છ્વાસ જાણે એક ભ્રમણા છે;
સતત લાગ્યા કરે છે, કોઈ આવ્યયં ને ગયું પાછું.

નજર સામે મૂક્યું દુનિયાએ જ્યારે દુઃખનું નજરાણું ;
અમે એ પાત્રમાં આંસુ ઉમેરીને ધર્યું પાછું.

ઉઠવો જામ, મોસમ છે અનુકૂળ ગમ ગલત કરવા;
હ્દયમાં મૂંઝવણને કારણે વાદળ થયું પાછું;

ફરી ઝાકળનાં બિન્દુ દઈ રહ્યાં રડવાનું આમંત્રણ;
ખીલેલાં કંઈક પુષ્પોએ મને યૌવન દીધું પાછું.

અવશ હૈયાની બેચેનીએ કીધાં યાદ તેઓને;
હવે આ સ્પર્શનું પરિણામ પણ જોવું રહ્યું પાછું !

'ગની', આ વાર તો કાસળ ગયું છે ચિર અજંપાનું ;
કે કડવા ઘૂંટડાશું કંઈક યમરાજે ગળ્યું પાછું.

# આજ્ઞાંકિત

આપ કહો તો યુગ થઈ જીવું, આપ કહો તો પળ થઈ જાવું,
સ્વીકારો તો અગ્રિમ થાવું, તરછોડો, પાછળ થઈ જાવું,
આપ કહો એ સ્થાને બેસું, આપ કહો એ સ્થળ થઈ જાવું;
પટકો તો પાતાળે પહોંચું, ઝીલો તો વાદળ થઈ જાવું.
આ જીવને તો કોઈ પ્રકારે જળ થઈ રહેવું, જળ થઈ જાવું.
સાંનિધ્યે સાગર સમ લહેરું, ઝૂરું તો ઝાકળ થઈ જાવું.
દિવસ-રજની થાક્યાં હો તો આ પથ પરથી પાછાં વાળો !
પેટાવો, હું ઝગમગ દીવો, બાળો તો કાજળ થઈ જાવું.
અલગારી મન, આસવ પીધો કોઈ નયનથી સીધેસીધો,
પગ લથડ્યા તો કોઈ રૂપાળી કેશલતામાં વળ થઈ જાવું.
જાણી જોઈ આ છલનાને જીવ-મૃગે સંતોષી દેવી,
નહીંતર ભવરણ બાળી દેશે મૃગજળનું નિષ્ફળ થઈ જવું.
પાંપણ સમ અડખેપડખેની હરિયાળીએ રહેવું ઝૂમી;
હૈયાં સમ સ્પન્દન ઝીલીને ઝરણાએ વિહ્વળ થઈ જાવું.
સાંજ સુધીનો સથવારો છે પથદર્શકનો, પથયાચકનો;
દોસ્તરૂપે જે વર્તે એના દાસ 'ગની', કેવળ થઈ જાવું.

# વાંસળી વાગી હશે !

એના હૈયે પણ ન જાણે લ્હાય શી લાગી હશે ?
ફાગણે જ્યાં ફૂલગુલાબી ઓઢણી દાગી હશે ?

ભરવસંતે કોણ રાગી, કોણ વૈરાગી હશે ?
પ્રકૃતિએ પારખું કરવા શરમ ત્યાગી હશે ?

એ રીતે ઝબકીને દિલની ઝંખના જાગી હશે :
ઊંઘતી રાધા હશે ને વાંસળી વાગી હશે !

શ્વાસ અલગારી હશે, ઉચ્છ્વાસ વરણાગી હશે ;
જ્યારે મીઠી મૂંઝવણ મનમાં થવા લાગી હશે.

મય હશે મુસ્તાક મારી આંખની મસ્તી વિષે;
જામને પણ મારા હોઠોની તરસ લાગી હશે.

આ હૃદય જંપે, નહોતાં કોઈ એવાં કારણો;
એની શાતા કાજ દુનિયાએ દુઆ માગી હશે.

જ્યાં તમન્ના ત્યાં જ નિષ્ફળતાય ઢૂંકે છે 'ગની',
હોય જ્યાં હૈયું, તો હૈયે ચોટ પણ લાગી હશે.

# પાછું ફરે કોઈ

ક્ષમા કરતું રહે કોઈ, હમેશાં કરગરે કોઈ;
હવે આ ટેવ આપણ બે મહીંથી પરહરે કોઈ,

સમયના ગર્ભથી એવી ન ઘટના અવતરે કોઈ
સ્વજન સરખું સ્વજન થૈ જાય છે જે અવસરે 'કોઈ'!

તમે દિલમાં અને આ મૂર્ખ આંખો છે પ્રતીક્ષામાં;
ગયું કોઈ નથી, ને થાય છે પાછું ફરે કોી.

તરે છે કોઈ જ્યારે યાદના ઘેરા સમંદરમાં;
સ્મરણ સરખી સુંવાળી જાળ ત્યારે પાથરે કોઈ !

હવે ઉપમેય આ મુખ-ચંદ્રની સાચી કદર થાશે;
હું ઈચ્છું છું જઈને ચંદ્રમાં પાછું ફરે કોઈ.

ભલે એ ડાઘ હો, પણ હોય કોઈ ચંદ્રની શોભા;
મને બદનામ કરવો હો તો એ રીતે કરે કોઈ !

સફરમાં અમને સમજાયો 'ગની', સંકેતનો મહિમા;
ઊભું'તું એ દિશામાં જઈને થોડે અંતરે કોઈ.

# તાજું સુમન

તમે એ ડાળ છો જે ડાળ પર પહેલું સુમન લાગે;
હું એવું પુષ્પ છું : મહેકી રહું જ્યાં જ્યાં પવન લાગે.

કહ્યું છે સાવ મોઘમ, યોગ્ય જો તમને સૂચન લાગે;
ઘડીભર ખોરડું મારું મને ચૌદે ભુવન લાગે.

દિવસને આવવું હો તો વસંતોમાં વસી આવે;
સૂરજને સૂંઘીએ તો રોજનું તાજું સુમન લગો !

ઊભો છું લઈને હૈયા-પાત્ર; યાચું કંઈક એવું કે,
જગત નિજની કથા સમજે, મને મારું કવન લાગે.

ઘણું ભારણ છે જીવનમાં, છતાં એક બોજ એવો છે;
ઉપાડો તો સહજ લાગે, ઉતારો તો વજન લાગે !

મનોમન વ્યગ્ર થઈ મનને મનાવી તો જુએ કોઈ;
હૃદય આ લાડકું, રિસાયેલું કોઈ સ્વજન લાગે.

'ગની', સંઘરેલ તણખાને હૃદયથી વેગળો કરીએ;
કોઈ સદ્‌ભાગી હૈયે આપણા દિલની જલન લાગે.

# તોરણ રહ્યાંસહ્યાં

ખૂટી જશે જો સ્નેહનાં સગપણ રહ્યાંસહ્યાં,
તો થૈ જશું વિદાય, અમે પણ રહ્યાંસહ્યાં.

આવ્યાં હતાં એ યાદનાં પંખી ઊડી ગયાં,
છે ધૂળમાં સ્મરણની હવે ચણ રહ્યાંસહ્યાં.

છૂટી રહ્યો છે માંડવો બળતી બપોરનો,
લીલાં-સૂકાં છીએ અમે તોરણ રહ્યાંસહ્યાં.

સંપૂર્ણ રીતે પંથમાં વેરાયેલા છી,
જાણે ઉતાર્યાં કોઈએ ભારણ રહ્યાંસહ્યાં.

આ જિંદગીનું ક્ષેત્ર ! આ છલનાનું સામ્રાજ્ય !
છે ઝાંઝવા વિશેષ, અને રણ રહ્યાંસહ્યાં.

લાગે છે શેષ ભાગ્યમાં નીંદર રહી જશે,
સ્વપ્નો સરી રહ્યાં છે ક્ષણેક્ષણ રહ્યાંસહ્યાં.

વળગી ઊડીને આંખે પ્રતિકૂળ પવનની ધૂળ,
રહેવા દો આંખડીમાં 'ગની', કણ રહ્યાંસહ્યાં.

# ચાલ મજાની આંબાવાડી

સાવ અમસ્તું નાહક નાહક નિષ્ફળ નિષ્ફળ રમીએ,
ચાલ મજાની આંબાવાડી ! આવળબાવળ રમીએ.

બાળસહજ હોડી જેવું કંઈ કાગળ કાગળ રમીએ.
પાછળ વહેતું આવે જીવન, આગળ આગળ રમીએ.

માંદા મનને દઈએ મોટું માદળિયું પહેરાવી,
બાધાને પણ બાધ ન આવે, શ્રીફળ શ્રીફળ રમીએ.

તરસ ભલેને જાય તણાતી શ્રાવણની હેલીમાં,
છળના રણમાં છાનામાના મૃગજળ મૃગજળ રમીએ.

હોય હકીકત હતભાગી તો સંઘરીએ સ્વપ્નાંઓ,
પ્રારબ્ધી પથ્થરની સાથે પોકળ પોકળ રમીએ.

ફરફર ઊડતું રાખી પવને પાન સરીખું પહેરણ,
મર્મર સરખા પારાવારે ખળખળ ખળખળ રમીએ.

હુંય 'ગની', નીકળ્યો છું લઈને આખોમાખો સૂરજ,
અડધીપડધી રાત મળે તો ઝાકળ ઝાકળ રમીએ.

# દાઝી જવાશે

ન ડોકાશો અંધારના આ તમાશે,
બુઝાયેલ દીવામાં દાઝી જવાશે.

ઊભા છીએ તખ્તાના પીળા પ્રકાશે,
ઢળી પણ પડ્યા તો અભિનય ગણાશે.

ખરી પડતી કંઈ બોખલી ઈંટ હસશે,
દીવાલોને જ્યારે દિલાસા અપાશે,

સરી પડશું સંધ્યાએ રજનીના ખોળે,
દિવસનું દરદ લૈને રાતો રિબાશે.

થશું દૂર વચ્ચેથી કંટક સરીખા,
તો ધરતી ને આકાશનો મેળ ખાશે,

સગડ કાળિયારોના પૂછે શિકારી,
તો રણ, તારી આંખોના સોગંદ ખાશે.

ભટકશું 'ગની', લૈને મધ્યાહ્ન માથે,
તો પડછાયો પગમાં જ પોંદાઈ જાશે.

# પાંગરતું જગ હોઈ શકે

તારા પ્રેમની જંજીરોમાં મારો પણ પગ હોઈ શકે,
હું તારા લગ હોઉં ન હોઉં, તું મારા લગ હોઈ શકે.

સામે આવો ! ઠાલું દર્પણ ઝગમગ ઝગમગ હોઈ શકે,
અજવાળાં તો દોડ્યાં આવે, દીવાને શગ હોઈ શકે.

હોઈ શકે તો એવા સાથી મનને મારગ હોઈ શકે
જેને પગલે એક મજાનું પાંગરતું જગ હોઈ શકે

તીર તો તાકો, અંધારામાં લક્ષ્ય લગોલગ હોઈ શકે.
કોક લીલીછમ ડાળે મારી તૃષ્ણાનું ખગ હોઈ શકે.

નાજુક નાજુક નાડીના આ ફોરમ સરખા ધબકારા
ફૂલોને પણ ફૂલગુલાબી લોહી રગેરગ હોઈ શકે

વિસરાયેલાં દુઃખ મારાં ! આ બેહોશીની દુનિયા છે,
ફંફોસું છું, અડખેપડખે તું પણ લગભગ હોઈ શકે.

પહેલી પહેલી વર્ષાએ આ મહેક્યા મહેક્યા શ્વાસ, 'ગની',
આજે હૈયું ભીની ભીની માટીનો ઢગ હોઈ શકે.

# શ્વાસનો વંશ

ત્યાં તમે સૌ દિશાઓની આડે ઊભાં,
આ તરફ કાફલો જિંદગીનો હતો,
પાઠવ્યાં કંઈ ક્ષિતિજનાં નિમંત્રણ હતાં,
પંથ કિન્તુ તમારા સુધીનો હતો.
કોઈ નોખા જ વૈભવનો આ વારસો,
કાળજે ચોટ ખાધા પછીનો હતો,
ઉર વીંધાયેલું સપ્ત સ્વરનું સગું,
શ્વાસનો વંશ પણ વાંસળીનો હતો,
આ તરસ આપણી ભરબપોરે રહી,
ચૈત્ર-વૈશાખના ટોડલે ગહેકતી,
તૃપ્તિનો મોર આકાશે ગુમ થૈ ગયો,
એની પાંખોમાં શ્રાવણ મહિનો હક્ષતો.
હાલ આવો, તો બળબળ બપોરોના,
બે-ચાર સૂરજ દઉં પાલવે ઢાલવી,
જે સવારોમાં સંબંધ ઊછર્યો હતો,
એ સુંવાળો સમય ઓસ-ભીનો હતો.
દર્દને કોઈએ જ્યારે ચૂંટી ખણી,
એના ઊંડાણમાં લાગણી સળવળી,
જે થકી પુષ્પ આખુંય ધ્રૂજી ઊઠ્યું !
કંપ કૂણી કોઈ પાંકઢીનો હતો.
પુષ્પ-પ્રેમી નજરને ગમે, ના ગમે,
ખાસિયત પારખી પાનખરની અમે,
જે વસંતોનો આભાસ સર્જી ગયો,
એ ઉમળકો ઘડી બે ઘડીનો હતો.
ખુદના વ્યવહારમાં માત્ર નિજને દમ્યા,
નિત્ય પોતાની સાથે ઝઘડતા રહ્યા,
આપણી સાથમાં પણ 'ગની', આપણે
કોઈ જાણે કયા ભવનો ઠીનો હતો !

# પાંખી પરિસ્થિતિ

સળગતો શબ્દ, પણ પીંખાયેલા પરિવાર જેવો છું,
મને ના વાંચ, હું ગઈ કાલના અખબાર જેવો છું.
અભાગી મ્યાનમાંથી નીકળી તલવાર જેવો છું,
ખરા અવસર સમે ખાલી ગયેલા વાર જેવો છું.
કદી હું ગત સમો લાગું, કદી અત્યાર જેવો છું,
નિરાકારના કોઈ અવગણ્યા આકાર જેવો છું.
ભલે ભાંગી પડ્યો પણ પીઠ કોઈને ન દેખાડી,
પડ્યો છું તોય છાતી પર પડેલા માર જેવો છું.
હરખનો કોઈ હડદોલોય ખમવાની નથી શક્તિ,
પવન આવ્યા પ્રથમ ઊઘડી ગયેલા દ્વાર જેવો છું.
પરિચય શબ્દમાં પાંખી પરિસ્થિતિનો આપ્યો છે,
ને મોઢામોઢાની હો વાત, તો લાચાર જેવો છું.
'ગની', તડકે મૂકી દીધાં રૂડાં સંબંધનાં સ્વપ્નાં,
હવે હું પણ સળગતા સૂર્યના વ્યવહાર જેવો છું.

# આંખ જાણીતી જુએ છે, હોં !

જુઓ, આ રક્તવરણી આંખ અણધારી રુવે છે, હોં !
જરી સાચવજો, ઝબકોળાય તો ચૂંદડી ચૂવે છે, હોં !
છું બેચેની, મને પાસું બદલવાને કહો છો, પણ
શિશુ સમ મારા પડખામાં બધી દુનિયા સૂવે છે, હોં !
હું મારાં સોળ વર્ષો સાચવીને વ્હેલમાં બેઠી,
સખી ! મારા બધા પડછાયા પાદરના કૂવે છે, હોં !
અમારા ખોરડાને કૃષ્ણપક્ષે સાથ બહુ આપ્યો,
નમેલી બીજ-રેખા પણ અમારી બાજુએ છે, હોં !
ગળામાંથી હજી એકેય ડૂસકું બહાર ન આવ્યું,
ગળે વળગી કશા સંબંધ ઊંડાણે રુએ છે, હોં !
અહીં તો લોકમેળે કીકીઓ સૌ કીકીને વર્તે,
અજાણ્યા ઘૂંઘટેથી આંખ જાણીતી જુએ છે, હોં !
'ગની', મનના મીઠા મતભેદ મમળાવ્યા ને મ્હોર્યા પણ,
હવે તો આ રૂડા રુદિયાથી છુટકારો જુએ છે, હોં !

# ધરતીની રૂંવાંટી હો

ઋતુ હો કોઈ પણ, ખૂણે ખૂણે મહેકંત માટી હો,
અને આ આપણું અસ્તિત્વ ધરતીની રૂંવાંટી હો,

કબરમાં કોઈનું હોવું જરૂરી હો તો માની લ્યો,
હું એવી શૂળની છું લાશ, જે ફૂલોએ દાટી હો,

સમય પથ્થર સમો છે, એમાં પિસાવાનો મહિમા છે,
ખરલમાં કોઈએ ક્યારેક કસ્તૂરી ય વાટી હો.

પવન તારાં પરાક્રમ શ્વાસમાં વર્તાઈ રહેવાનાં.
ચમનમાં ફૂલ વેર્યાં હો, કે રણમાં રેટ છાંતી હો.

પરોવાયું રહે હૈયું મીઠેરી મૂંઝવણ માંહે,
સરળતાથી સરકતા દોરમાં એવી ય આંટી હો.

પડી જઈએ ચરણમાં, તે છતાં મસ્તક હો આકાશે,
'ગની', એકાદ તો સંબંધની એવી સપાટી હો.

# ફાંસ ફૂલની

કસ્તૂરીમૃગ શી મારી કને ફાંસ ફૂલની,
હું શોધતો'તો શુષ્ક વને ફાંસ ફૂલની,

કહેતા ગયા કે એને હૃદયસરસી ચાંપજો,
આપી છે એક આપ્તજને ફાંસ ફૂલની.

સૌંદર્યના પ્રહારની ચર્ચા નહીં કરો,
સર્વોપરિ કદાચ બને, ફાંસ ફૂલની.

આકાર કોઈ ખાસ ધરું તો નવાઈ નૈં,
કસબી શી કોતરે છે મને ફાંસ ફૂલની.

સૂનમૂન દશાએ દ્વાર ભીતરથી ભીડી દીધાં,
મહીં મોગરાના ડંખ અને ફાંસ ફૂલની.

હું ભીની ભીની લાગણીઓમાં ખૂંપી ગયો,
હળવેથી બા'ર કાઢ મને, ફાંસ ફૂલની.

સોગંદ બીજચંદ્રના ઓ અંગ-બંકિમા !
હું સાચવી રહીશ તને, ફાંસ ફૂલની.

સ્વપ્નોની વેલ કેટલી વીંખાઈ ગૈ 'ગની',
ને શેષ છે, તે મારી કને ફાંસ ફૂલની.

# ઋતુના પરિપાક જેવું

મીઠી હલકથી કશું હાક જેવું લાગે છે;
બધું ઋતુના પરિપાક જેવું લાગે છે.
કહે છે આંગળી ચીંધીને આંખનું કુતૂહલ !
આ, ફૂલ પરીઓના પોશાક જેવું લાગે છે.
કળીને કેટલી નિર્દોષ દૃષ્ટિ સ્પર્શી ગૈ !
આ કોમલાંગીને કંઈ થાક જેવું લાગે છે.
ન કીધી સ્પર્શની ચેષ્ટા, ને જૂઈ શરમાઈ;
આ રૂસણું બહુ ચાલાક જેવું લાગે છે.
પ્રથમથી આવા વળાંકે ન લાવ્યું આપણને;
પવનનું પોરિયું ચબરાક જેવું લાગે છે.
હ્દયની ભૂખ ઊઘડતી જ જાય છે અહીંયાં;
ઘણું જે માણ્યું, થોડાક જેવું લાગે છે.
મીઠી સુવાસ લહી, ચાલતી અતિ હોંશે;
આ લેખિનીને 'ગની' નાક જેવું લાગે છે.

# શેહ-શરમ હોવાનાં

સાવ પ્રત્યક્ષ છતાં સાવ ભ્રમ હોવાનાં,
પુષ્પને ધર્મ, કળીઓને નિયમ હોવાના.
ફૂલની સુરખી, અને લાલી ઉષા-સંધ્યાની,
એ નથી; તો પછી આપ જ એ ઈસમ હોવના.
વાત પાનીની નીકળશે, તો હશે પાયલ પણ,
પગના વર્ણનમાં અલંકાર પ્રથમ હોવાના.
મેં જે માણી, એ પળેપળ છે સમયની પાંપણ,
એ જો ફરકી તો સુખદ શેહ-શરમ હોવાનાં.
જેને હું રાત-દી મળવાનાં બહાનાં શોધું,
મારા મારગ મહીં એનાંય કદમ હોવાનાં.
શ્વાસ સાથે કશું હૈયાને થયું છે ઘર્ષણ,
લાગ્યા ઉચ્છ્વાસના અણસાર ગરમ હોવાના.
મારી સાથેય મને પ્યારમાં પાડી દે 'ગની',
હુંય મેળવતો રહું માન સનમનાં હોવાનાં.

# બગડેલી છબી છે

હતાશાએ જ એને ચીતરી છે,
ઉદાસી એક બગડેલી છબી છે.

અલગતાને અમે ક્યાં અવગણી છે.
જુદાઈ હોય તો પણ આપણી છે.

વદન થોડાં પ્રફુલ્લિત રાખવાને,
વિધિને ખૂબ નિષ્ફળતા મળી છે.

વસંતે પુષ્પ પર ધુમ્મસનું ત્રાગું,
અમે એવી સજા પણ ભોગી છે.

દુઃખી પૃષ્ઠો ગણે છે, અમને પુસ્તક,
ન જાણે શી સફળતા સાંપડી છે !

બન્યો મધ્યાહ્‌ન જ્યાં કોઈનો પાલવ,
પછી લૂ ખૂબ ભાતીગળ વહી છે.

'ગની' ત્રેવડ જતી રહી માણવાની,
ઋતુઓ તો ઘણી મળતાવડી છે.

# દિવસ પડ્યો

સૂરજના પક્વ ફળ થકી બેસ્વાદ રસ પડ્યો,
જાગો અતૃપ્ત જીવ, કે ટપકી દિવસ પડ્યો.

પકડાઈ ચાલ્યાં પાનથી ઝાકળનાં પંખીઓ;
કિરણોના પારધીને ફરીથી ચડસ પડ્યો.

વાવ્યા વિના લણાયો રણે ઝાંઝવાંનો પાક;
બોલ્યા વિના બપોરનો પડઘો રસર પડ્યો.

માટીને મહેકવાની ગતાગમ નથી હજી;
વરસાદ આંગણા મહીં વરસોવરસ પડ્યો.

અંધાર આવું આવું કરે બારી બા'રથી;
પીળો પ્રકાશ ખંડમાં હાંફે ફરસ-પડ્યો.

સૂરજના મનના મેલ નિશાએ છતા થયા;
ઓજસનો ધોધ કાંખમાં લઈને તમસ પડ્યો.

કાંઠાનો સાદ સાંભળ્યો તળિયે અમે 'ગની',
"કોઈ અભાગી જીવ લઈને તરસ પડ્યો."

# વ્હાણું વાઈ ગયું

ચમકંત સિતારા ડૂબી ગયા, નભમંડળ પણ વીખરાઈ ગયું.
ઓ આશ, હવે એ ના આવે, પોઢી જા વ્હાણું વાઈ ગયું.

એ પ્રેમ-વિજય કે હાર ગણો, મઝધાર ગણો કે પાર ગણો.
જે દુઃખ જગે કહેવાતું'તું, હસતાં રમતાં સહેવાઈ ગયું.

શું જોઈ રહ્યો છું આજ અરે ! એ આવી રહ્યાં મુજ આંગણીએ !
નિઃશ્વાસમાં છે તાસીર ખરે ! ગંગાનું વહન બદલાઈ ગયું.

એ દર્શ-સમયની ધન્ય ઘડી, જાણે કે અચાનક વીજ પડી,
છે યાદ હજી બે આંખલડી; બાકી સઘળું વીસરાઈ ગયું.

આ પ્રેમ-જીવનના પડછાયા, તે રૂપના દર્પણના ઓળા,
લો સાંજ-સવારોનું કારણ સમજાઈ ગયું ! સમજાઈ ગયું !

છો આપ ફરી બેઠાં મુજથી, એમાંય વિધિનો ભેદ હશે !
બરબાદ થતું જીવન આજે ફુરસદની પળે જોવાઈ ગયું !

સાકી ને સુરા, ગુલ ને બુલબુલ, છે પ્રેમની એ તો પરિભાષા,
તેઓને 'ગની', જે કહેવું'તું, મોઘમમાં બધું કહેવાઈ ગયું.

# દેખાતા નથી ?

જ્યાં સુધી એના વદનના ભાવ પરખાતા નથી,
જિંદગીના ત્યાં સુધી પ્રશ્નો ઉકેલાતા નથી.

કૂદી ઊઠ્યા તારા, ધડકતું જોઈને મારું હૃદય;
હાય, ધરતી સાથ કાં સંબંધ જોડાતા નથી !

આ અમારી લાગણી સાથે રમત રમશો નહિ,
સાંભળી લો, આગ સાથે ખેલ ખેલાતા નથી !

છે મધુરા ગીત સમ એકાંતમાં તારું સ્મરણ,
કોઈ પાસે હોય છે ત્યારે અમે ગાતા નથી.

ભાન છે એંને કે મારે દુ:ખ અતિશય થઈ ગયું,
ભાન ભૂલેલા સુરાલયમાં કદી જાતા નથી.

ઓર ભડકાવી મૂકો મારા જીવનની જ્યોતને,
છે અધૂરી આગ, જાણે પૂરતી શાતા નથી.

મારી સામે જોઈ મોઢું ફેરવી લેવું, અને,
પૂછવું પરને 'ગની' કાં આજ દેખાતા નથી !

# પ્રયત્નો કરે છે

જખમના અધર પર દીઠું સ્મિત ઓછું મહોબ્બત મઝાના પ્રયત્નો કરે છે,
હ્રદયમાં હવે દર્દ પણ દુઃખ વિસારી વધુ જીવવના પ્રયત્નો કરે છે.

ખરી પડતાં આંસુને પાલવ પ્રસારી કોઈ ઝીલવાના પ્રયત્નો કરે છે.
પ્રણયની પ્રણાલીનું આજે થશે શું? રુદન રીઝવાના પ્રયત્નો કરે છે !

થયો છું સદા એની પાછળ ફના હું, હવે એ થવાના પ્રયત્નો કરે છે;
ન જાણે હ્રદયને થયું આજ છે શું ! કે જંપી જવાના પ્રયત્નો કરે છે !

જીવન જાણે રાધાની મટકી સમું છે, અને ભાગ્ય છે કૃષ્ણની કાંકરી સમ,
રસીલી રમત છે : કોઈ સાચવે છે, કોઈ ભાંગવાના પ્રયત્નો કરે છે !

છે એવું વહન ઊર્મિઓનું હ્રદયમાં, છે એવું શમન ઊર્મિઓનું હ્રદયમાં,
સદા જાણે સાગર ઉગારી રહ્યો છે, નદી ડૂબવાના પ્રયત્નો કરે છે !

જૂઠી આશનાં ઝાંઝવાંને સહારે વટાવી ગયા રણ અમે જિંદગીનું,
તરસ જાણે તૃપ્તિના વાઘા સજીને સ્વભાવિકપણાના પ્રયત્નો કરે છે !

દિમાગોની દુનિયા પ્રકાશી રહી છે, છતાં દીપ દિલના નથી ઓલવાતા,
'ગની', કોઈને એ ડહાપણ ન લાગે, પરંતુ દીવાના પ્રયત્નો કરે છે !

# વાંક મારો નથી

દુઃખ અમર હોય તો વાંક મારો નથી.
હદ વગર હોય તો વાંક મારો નથી.
ચુપ અધર હોય તો વાંક મારો નથી.
આંખ તર હોય તો વાંક મારો નથી.
થૈને સાગર રહે દૂર આરાથી તું,
બિન્દુને વેગળું રાખે ધારાથી તું,
એથી આગળવધી કહું તો મારાથી તું,
બેફિકર હોય તો વાંક મારો નથી.
એક આવાસ, જે હરઘડી શોકમય,
ઊર્મિ-અભિલાષ સેવી રહ્યા એમાં ભય,
હાય બરબાદ જે થૈ ગયું એ હ્રદય,
તારું ઘર હોય તો વાંક મારો નથી.
હું તો પાગલ ગણાયો સદાનો, પ્રભુ !
પણ વિચારું છું એકાંતે છાનો, પ્રભુ !
હું મુસાફર અને આ જમાનો, પ્રભુ !
રાહબર હોય તો વાંક મારો નથી.
કોઈનું હું બૂરું ચાહું મારું થજો !
મારા દિલની વ્યથા કોટિ દિલમાં હજો;
મેં જગતને વહેંચ્યું છે એ દર્દ જો
શ્રેયકર હોય તો વાંક મારો નથી.
એક તણખો ઝગે છે 'ગની' અંતરે;
લોક અવળો ભલે અર્થ એનો કરે;
કોઈની નેહ-તરબોળ મારા પરે,
જો નજર હોય તો વાંક મારો નથી.

# માથું માર્યું છે

સુખ - દુઃખનાં તોરણ બાંધીને જીવનને અમે શણગાર્યું છે,
આવો તો ચિરંતન કહેવાશે, ના'વો તો મરી પરવાર્યું છે.

ડૂબી છે પરંતુ સાગરના અસ્તિત્વને એણે તાર્યું છે,
તોફાન છતાંયે નૌકાએ મઝધારમાં માથું માર્યું છે,

સંઘર્ષના કોમળ હાથોએ હૈયાંને બહુ પસવાર્યું છે,
ગત જીવનને ગદ્ગદ્ થૈને દિન-રાત અમે સંભાર્યું છે.

હૈયાંના જખમ દેખાડે છે આ ચંદ્ર ગગનમાં આવીને.
નિષ્ઠુર કહીને પેલે ભવ, શું કોઈએ મે'ણું માર્યું છે ?

પ્રેમાર્પિત આ પરવશતામાં જે શક્તિ રહી છે સંતાઈ,
જીતેલ જગત જોશે એક્ દિન, જે જીતની બાજી હાર્યું છે.

આકાશનો મારગ વણપ્રીછયો, ધરતીના પરિચિત અવરોધો;
મુક્તિની કસોટી કરવી છે, બંધન તો અમે સ્વીકાર્યું છે.

મિથ્યા છે પ્રયત્નો દુનિયાથી આંસુનું નિકંદન થાય 'ગની',
આ પૃથ્વી પણ એક્ બિન્દુ છે. આંખોથી કોઈએ સાર્યું છે.

# અમારા મનોરથ

આ અમારા મનોરથ જો બર આવશે એક સી સ્વર્ગ ધરતી પરે લાવશું;
આ ચમનને તજીને જો જવું પણ પડે, તો વસંતોની પેઠે ફરી આવશું.

કોઈની લાગણી વહેશે ઝરણું બની તો તણાશું અમે એમાં તરણું બની;
કોઈ તોફાન જો ધસી આવશે તો હિમાલય બની એને થંભાવશું.

અલ્પ જીવનમાં ઝાકળનાં બિન્દુ બની ચાલશું સૂર્યકિરણોના સેતુ પરે;
જિંદગી જો મળી તો ખરા તાપમાં ખાખરા સમ બધે રંગ રેલાવશું.

લોહી થીજેલ જોશું નિરાશા થકી, એને ગરમાવશું આશ આપી નકી;
જ્યાં સુવાસિત નહીં હોય વાતાવરણ ત્યાં તમન્નામાં પુષ્પો મહેકાવશું.

વિશ્વમાં હોય ભાષા હજારો ભલે કિન્તુ બોલી હૃદયની બધે એક છે;
શીખશું એ જ બોલી 'ગની', આપણે, એ જ ભાષા જમાનાને સમજાવશું.

# સ્વભાવ છોડી દે

નિરાશ જીવ, ન મનને મનાવ, છોડી દે !
ઉઠાવ કાફલો, અહીંનો પડાવ છોડી દે !

સહ્યા છે ખૂબ જમાનાના ઘાવ, છોડી દે ;
હ્રદયના દર્દ વધુ ના સતાવ, છોડી દે !

કિનારો હો કે વમળ, ભેદભાવ છોડી દે !
પ્રભુના આશરે સાગરમાં નાવ છોડી દે !

હંમેશ લાગણીઓમાં રચ્યાપચ્યા રે'વું !
હ્રદયને કોઈ કહો : આ સ્વભાવ છોડી દે !

દુઃખી રહીને સુખી થઈ શકાય છે અહીંયા !
પ્રહાર ઝીલ જગતના, બચાવ છોડી દે !

છૂપું છે હારમાં સાચે જ જીતનું ગૌરવ,
જો હોય જીતની બાજી, તો દાવ છોડી દે !

'ગની', હ્રદયની તમન્નાને લૈ સફર કરશું,
જમાનો સાથે જો છોડે તો સાવ છોડી દે.

# ચિત્ર ભૂંસાયું નહીં

એક ખૂણે આપણું દુઃખ લૈને બેસાયું નહીં,
ચોતરફ વિખરાએલું જીવન સમેટાયું નહીં.

આપણા પર આળ ના'વે કે તમે ગાયું નહીં,
એ જુદી વસ્તુ છે દિલ, દુનિયાને સમજાયું નહીં.

મુજ તૃષાને સંયમે હાથે કરી પાયું નહીં,
ડર હતો, દુનિયા કહી દેશે કે જીરવાયું નહીં.

દિલ ઉપર ડા'પણનો પડછાયો ય પડવા ન દીધો;
દર્દ આગળ નામ પણ રાહતનું દેવાયું નહીં.

કોઈની આંખો થકી શબ્દો સર્યા અશ્રુરૂપે.
એ સમય અંતિમ હતો, મારાથી બોલાયું નહીં.

દાગ દૈને દિલ મહીં તે રંગ રાખ્યો જિંદગી !
છાંટણાં તો છે, ભલેને પોત રંગાયું નહીં !

દર્દ જે મારું હતું તે પણ જગતનું થૈ ગયું,
જીવવાનું એક સાધન તે ય જળવાયું નહીં !

ચિત્રકારે એ રીતે રંગી દીધી જીવનછબી -
ભૂંસવા દુનિયા મથી પણ ચિત્ર ભૂંસાયું નહીં.

દર્દથી સંજીવનીનું કામ લીધું છે 'ગની',
માત્ર શ્વાસોચ્છ્વાસ પર મારાથી જીવાયું નહીં !

# શું નથી થયું !

પૂછો ન શું થયું, એ કહો શું નથી થયું !
આ દર્દ છે, હૃદયથી જે અળઘું નથી થયું.

જખ્મો નથી મટ્યા ભલે, હું પણ નથી મટ્યો;
સઘળું થયું છે, આપને ગમતું નથી થયું.

અશ્રુના કારણે છે જીવન ધૂંધવાયેલું,
ઈંધણ ભીનાં છે એટલે બળતું નથી થયું.

ઓ બાગબાન ! જો તો રહી ભરવસંતમાં,
એક પુષ્પ જે હજી સુધી હસતું નથી થયું.

દુનિયા છૂટી તો આપનો પાલવ મળી ગયો,
સઘળું ગુમાવતાં કશું ખોટું નથી થયું.

માઠાં નસીબને નથી માઠું લગાડવું,
સારાં નસીબ કે બધું સારું નથી થયું.

બુદ્ધિએ લાગણીને હજી ઓળખી નથી,
બાળક હજી સુધી તો સમજણું નથી થયું.

આવી રહો અમારી તમન્નાને આશરે,
તારકનું જૂથ અમાસમાં ઝાંખું નથી થયું.

મારા સમી ઉદાસ દીસે છે વિરહની રાત,
શું મારી જેમ એનું યે ધાર્યું નથી થયું ?

મૃગજળ છે, આ ખરેખરો સાગર નથી 'ગની';
જીવનનું નીર એટલે ખારું નથી થયું.

# ગંગાઅવતરણ માગ્યું

હ્દય પ્યાસાએ પત્થરના હ્દય પાસે ઝરણ માગ્યું,
બહુ નીચે જઈ મૂર્ખાએ ગંગા-અવતરણ માગ્યું.

ચકોરો આ સમીપ આવી પહોંચશે એમ ધારીને,
ધવલ ચંદાએ કાળી વાદળીનું આવરણ માગ્યું.

હ્દય માગણ બન્યું, બેઠાં છે દેનારાં કૃપણ થૈને;
હવે લાગ્યું : અહીંથી તો મળે ના એક કણ માગ્યું.

તજી સ્વપ્નો, દિલે પ્રત્યક્ષ જોવા ઘેલછા જાગી,
મઝાની ઊંઘ વેચીને નકામું જાગરણ માગ્યું.

પ્રભુની છે કૃપા કે એ કસબ પર મારો કાબૂ છે,
અગર જો એમનું ચાલે, ન આપે એ સ્મરણ માગ્યું.

તમે દુઃખમાં દિલાસાઓને બદલે બોધ દૈ ચાલ્યાં,
પ્રભુ પાસે તમે કેવે સમે આ ગાંડપણ માગ્યું !

'ગની', લેવા જતાં ખોયું ઘણું એ જ્યારે સમજાયું :
વ્યથિત હૈયે અમે બેસી રહ્યા, ના કાંઈ પણ માગ્યું.

# દેવગણનું શું થશે?

માર્ગ મળશે હે હૃદય, તો મૂંઝવણનું શું થશે?
ધાર કે મંજિલ મળી ગઈ, તો ચરણનું શું થશે?

હાય રે ઝાકળની મજબૂરી, રડ્યું ઉદ્યાનમાં,
ના વિચાર્યું, રમ્ય આ વાતાવરણનું શું થશે?

હું ભલે દીવાનગી ત્યાગીને ડાહ્યો થઈ ગયો,
આજપર્યંત આચરેલા આચરણનું શું થશે?

કંઈ દલીલો ના કરો અપરાધીઓ ઈશ્વર કને,
આપણે થાશું સફળ તો દેવગણનું શું થશે?

જૂઠી તો જૂઠી જ આશે જીવવા દેજો મને,
જૂજવાં મૃગજળ જતાં રહેશે તો રણનું શું થશે?

લાગણી સમ કો વહેતી વસ્તુને વળગ્યા પછી,
સાગરે તૃણને નથી ચિંતા, તરણનું શું થશે.

રૂઠવું કે રીઝવું એની મને કંઈ ગમ નથી,
ફળ હશે એ તો તમારા આચરણનું શું થશે!

જ્યાં સમજઆવી તો હું સમજી પ્રથમ બોલ્યો 'ગની',
આજથી નિર્દોષ મારા બાળપણનું શું થશે!

# નામ હોય તો

સંબંધથી સવાયું બીજું નામ હોય તો,
આપો, અમે ખરીદીએ જો દામ હોય તો.

અહીં હાયકારા હોય ને ત્યાં મીઠો તરફડાટ,
સહિયારું એવું દર્દ અવિરામ હોય તો.

ઉપચારકોને કહી દો કે આ રોગ છે જુદો,
ઊલટાની વેદના વધે આરામ હોય તો.

યાદે વીંધાઈ જાવું ને સ્મરણે થવું શહીદ,
એવા રૂપાળા સ્નેહના સંગ્રામ હોય તો.

લ્યો સ્નેહીઓ વસંતનું પરબીડિયું ખૂલ્યું,
ગુલમહોરી લાલ શાહીમાં પેગામ હોય તો.

લિપિની તહેનાતમાં ઊભા રહી ગયા,
શબ્દોને સરભરામાં કશું કામ હોય તો.

મૂંઝવણના માંડવે છે સહુને ઈજન 'ગની',
કંકોત્રીમાં આપણું પણ નામ હોય તો !

# આપણો સ્વભાવ હશે

નયન ને નીંદરું વચ્ચે કશો તણાવ હશે,
મળી શક્યાં નહીં, પાંપણમાં અણબનાવ હશે!

દરદનો આટલો વ્યાપક તે શો પ્રભાવ હશે!
જરૂર આપણું અસ્તિત્વ કોઈ ઘાવ હશે!

બને તો શાં પડી જાઓ દિલના ધબકારા!
તમે છો ત્યાં જ સુધી કોઈને અભાવ હશે.

બિચારા પુષ્પની આ વૈખરી વિશે વિસ્મય!
છૂપો વસંતના સુણવામાં વેરભાવ હશે.

અમે તો વાતનો વાહક ગણીને ઊચર્યા'તા,
ન'તી ખબર કે પવન પણ બધિર સાવ હશે.

પણે રસે છે સિતારાને લાગણીના રસે,
કોઈ તો રોકો કે એ આપણો સ્વભાવ હશે.

હસી પડે છે હવે તો ઉદાસીઓ ય, 'ગની',
નવીનવાઈના જન્મેલ હાવભાવ હશે.

# 'આવી નથી શકતો'

સભામાં ભગ્ન હૈયે રંગ રેલાવી નથી શકતો,
તૂટેલા સાજ પર સંગીત સંભળાવી નથી શકતો.

હે પરવશ પ્રેમ ! શું એવો પ્રસંગ એક વાર ના આવે?
એ બોલાવે મને, ને હું કહું : 'આવી નથી શકતો.'

ક્ષમા કર હે જગત! છે કર મહીં બેડી મહોબ્બતની,
હું તેથી મિત્રતાનો હાથ લંબાવી નથી શકતો.

ધરીને હાથ હૈયા પર તમન્ના દિલથી કાઢું છું,
એ જ્યાં જન્મી છે એને ત્યાં જ દફનાવી નથી શકતો.

હે, દીપક! બોધ લે કંઈ સ્વાર્પણનો મારા જીવનથી,
હું સળગું છું; કદી બીજાને સળગાવી નથી શકતો.

સમજ હે વેદના! એને તો ઠરવા દે વિરહ-રાતે,
કજાનાં દ્વાર હું જઈ જઈને ખખડાવી નથી શકતો.

પરાદીનતાની અંતિમ હદ હવે આવી ગઈ હે દિલ!
હું તારા હાલ પર પણ શોક દર્શાવી નથી શકતો.

દુખી દિલની દશા ઉપર પડી છે જ્યારની દૃષ્ટિ,
'ગની,' પાનાં જીવન-પુસ્તકનાં ઊથલાવી નથી શકતો.

# ભીંજાઈને આવ્યાં

સ્વજનને યાદ તો આવ્યા, છતાં ભુલાઈને આવ્યા,
અમે એવી રીતે જાહેરમાં સંતાઈને આવ્યા.

પ્રથમ તો એ દિશાના વાયરાને શાંત પડવા દો,
પછી પૂછો હે ખુશબોદાર, ક્યાંથી વાઈને આવ્યા.

હતી દઢતા સ્વભાવે, શુષ્કતાનો ટેક જાળવવા,
લ્યો આ તો કલ્પનામાં ઝાંઝવાં ભીંજાઈને આવ્યાં.

લખાવી પાંપણોએ જોખી જોખીને નવી લિપિ,
શબદ આંસુની પેઠે ત્રાજવે તોળાઈને આવ્યા.

કહો વેરાનને કે એનું આકર્ષણ અમે છીએ,
અને એ પણ કહો; એનાથી આકર્ષાઈને આવ્યા.

મળી એકાંતને આ પ્રેરણા સીધેસીધી ક્યાંથી?
વિચારો એમની જુલ્ફો સમા વળ ખાઈને આવ્યા.

'ગની', અંતે અજંપો છે કે મહુવર ગારુડી કેરું?
સુણાયે સમદુઃખી પ્રેરાઈને ખેંચાઈને આવ્યા.

# મને ઊંઘ આવી રહી છે હવે તો

મને માણજો આ સુરા-દોર મિત્રો,
મને ઊંઘ આવી રહી છે હવે તો.

નથી જામ તો હાથથી છૂટવાનો,
પરંતુ છે સંકેત સાવધ થવાનો.

દુઆ હું ગુજારું છું સાકીની પાસે,
કે મારા વતીની સુરા તમને આપે.

અહીં આપણે જે જે મહેફિલમાં મહાલ્યા,
અમે બંધ આંખોમાં એ લૈને ચાલ્યા.

સ્મરણ ઝૂમશે, ઝંખશે મોજમસ્તી,
અસીમ ને અનંત આપણી મયપરસ્તી.

સતત ઓગળીને જે ભીંજવી છે રાહો,
ઈબાદતથી કંઈ કમ નથી એ ગુનાહો.

અહીં ભાન ભૂલ્યો, કે ત્યાં હોશમાં છું,
સુરાલયમાં પડદો છે, પાડોશમાં છું.

અહીં શ્વાસ છોડ્યા કે બીજી જ ક્ષણમાં,
લપેટાઈ જાશું નવા આવરણમાં.

હશે આ જ સાકીની ત્યાં પણ ખુદાઈ,
'ગની', એકરસ થઈ જવાની જુદાઈ.

# ખોવાણું રે સપનું

મારું ખોવાણું રે સપનું,
ક્યાંક જડે તો દઈ દેજો એ બીજાને ના ખપનું,
મારું ખોવાણું રે સપનું.

પૂર્વ કહે છે પશ્ચિમ તસ્કર, દક્ષિણ કે'છે ઉત્તર,
વગડા કે'છે ચોર આ વસતિ, પર્વક કે'છે સાગર,
ધરતીને પૂછું તો દે છે નામ ગગનમંડપનું,
મારું ખોવાણું રે સપનું.

વ્હારે ધાજો જડ ને ચેતન મારી પીડ પિછાની,
અણુ અણુ સાંભળજો મારા સમણાની એંધાણી;
તેજ તણા અંબાર ભર્યા છે, નામ નથી ઝાંખપનું,
મારું ખોવાણું રે સપનું.

ખોળે મસ્તક લૈ બેઠી'તી એક દી રજની કાળી,
જીવનની જંજાળો સઘળી સૂતી પાંપણ ઢાળી;
નિંદરના પગથારે કોઈ આવ્યું છાનુંછપનું,
મારું તે દિવસનું સપનું.

# રત ભીની ભીની

આદરેલ કોઈએ રમત ભીની ભીની,
આંખને ગમી ગઈ છે રત ભીની ભીની.

તૃપ્તિનો જામ મળ્યો કણકણની પ્યાસને,
જપતાં જ પાંખ મળી માદક સુવાસને.
ઝર્યાં ઝર્યાં નીર અડે કોમળ શરીરને,
ભીંજવી દે ધરતીનાં હરિયાળાં ચીરને.
મોરલાએ માંડી મમત ભીની ભીની...આંખને....

વાયરાના વર્તનમાં જોઈ અલ્લડાઈ,
વૃક્ષોનાં હૈયાંની વેદના હણાઈ.
ચમકારા દેખાયા વાદળનાં નેણમાં,
તાજગી જણાઈ ઝીણી ઝરમરનાં વણમાં.
સાંવરી ગગનની સૂરત ભીની ભીની....આંખને....

પ્રગટી ગઈ અંતે પ્રગટવાની ભાવના,
વર્તાયાં એંધાણ કોઈના સ્વભાવનાં.
વાત જે ભીના ભીના પત્રે આલેખી,
ભમતી કવિની ભીની દષ્ટિએ દેખી.
લોકને મળી ગઈ વિગત ભીની ભીની....આંખને....

# મોરલાને વેઠ્યો ન જાય

મોરલાને વેઠ્યો ન જાય વરસાદમાં,
ઘેનની ઘૂંટી પાઈ, રોમ રોમ આ રતમાં.
રાખી શકાય મરજાદમાં?...મોરલાને.
મીઠેરો ગહેકારે મોભથી સરી આવ્યાં
સેંકડો ગરોળીનાં ગલ,
વિરહાકુલ હૈયાની ક્યારીમાં રેલાયાં
વખડે વલોવાયાં જલ.
કેટલાય હાયકારા બાઝયાનો અંદેશો
છૂટા પડેલ એક સાદમાં....મોરલાને
વાડમાં શ્રાવણનાં ઝરમરિયાં ઝૂલે,
ને આંગણે આષાઢની હેલી.
ભૂંડા ભાદરવા, તું જોવા ન પામશે,
ગારાની ભીંત આ ઊભેલી.
વનના ને મનના મોરલિયાનું સહિયારું
સાવ રે સુંવાળા અપરાધમાં....મોરલાને
આખા તે ઘરની એકલતાને લીધો છે
ભીનાશે કારમો ભરડો,
કાને અથડાઈ કૂંણી કાંટાળી ડાળ
પડ્યો હૈયામાં ફૂલશો ઉઝરડો.
આખાયે માળાને મ્હેકતો કરી મેલ્યો
પંખીએ પંખીની યાદમાં....મોરલાને.

# રણકો

રણકો ફૂટ્યો કંઠની ક્યારીએ
કે રણકો ઘેન કસુંબલ કાવો,
કે રણકો ગરમાળનો માવો....રણકો
કે રણકો રણઝણતો ઝગમગતો,
કે રણકો મીઠો ને મઘમઘતો....રણકો
કે રણકો નાની નણંદનો છણકો,
કે રણકો સાસુની માળાનો મણકો...રણકો
કે રણકો પરણ્યા સરખો રૂડો,
કે રણકો માયાનો મધપૂડો.... રણકો
કે રણકો કોયલકંઠે વાવ્યો,
કે રણકો કેસરિયા રંગ લાવ્યો....રણકો
કે રણકો કાનોકાન ઝિલાયો,
કે રણકો અંતરમાં પડઘાયો....રણકો
કે રણકો રસિયણની રંગતાળી;
કે રણકો રતરતની રસથાળી....રણકો
કે રણકાને રાખું હેતેપ્રીતે;
કે રણકો સચવાશે શી રીતે ?....રણકો
કે રણકાનાં અંગે અંગ રૂપાળાં,
કે રણકાનાં રામ કરે રખવાળાં....રણકો

# ભિખારણનું ગીત

ભિખારણ ગીત મઝાનું ગાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.

'મારા પરભુ મને મંગાવી આપજે, સોના-રૂપાનાં બેડલાં,
સાથ સૈયર હું તો પાણીએ જાઉં, ઊડે આભે સાળુના છેડલા.'

એના કરમાંહે છે માત્ર,
ભાંગ્યું-તૂટ્યું ભિક્ષાપાત્ર.
એને અંતર બળતી લા'ય;
ઊંડી આંખોમાં દેખાય.

એને કંઠે રમતું ગાણું, એને હૈયે દમતી હાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.

'મારા પરભુ મને મંગાવી આપજે અતલસ અંબરનાં ચીર,
પે'રી-ઓઢીને મારે ના'વા જવું છે ગંગા-જમનાને તીર.'

એના કમખે સો સો લીરા,
માથે ઊડતા ઓઢણ-ચીરા.
એની લળતી ઢળતી કાય;
કેમે ઢાંકી ના ઢંકાય.

ગાતી ઊંચે ઊંચે સાદે ત્યારે ઘાંટો બેસી જાય,
ભિખારમ ગીત મઝાનું ગાય.

'શરદ પૂનમનો ચાંદો પરભુ મારે અંબોડે ગૂંથી તું આપ,
મારે કપાળે ઓલી લાલ લાલ આડશ ઉષાની થાપી તું આપ'

એના શિર પર અવળી આડી,
જાણે ઊગી જંગલ-ઝાડી.
વાયુ ફાગણનો વિંઝાય;
માથું ધૂળ વડે ઢંકાય.

એના વાળે વાળે જૂઓ બન્ને હાથે ખણતી જાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.

'સોળે શણગાર સજી આવું પરભુ મને જોવાને ધરતી પર આવજે,
મુજમાં સમાયેલ તારા સ્વરૂપને નવલખ તારાએ વધાવજે.'

એનો ભક્તિ-ભીનો સાદ,
દેતો મીરાં કેરી યાદ,
એની શ્રદ્ધા, એનું ગીત,
એનો પરભુ, એની પ્રીત.

એની અણસમજી ઈચ્છાઓ જાણે હૈયું કોરી ખાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય,
ભિખારણ ગીત મઝાનું ગાય.

# નવલું નીલાંબર

આ કોની મનોરમ દૃષ્ટિથી આકાશનું અંતર ભીંજાણું?
ધરતીએ જતનથી ઓઢેલું નવલું નીલાંબર ભીંજાણું?

આ ઈન્દ્રધનુની પિચકારી કાં સપ્ત રંગમાં ઝબકોળી?
ફાગણ નહિ આ તો શ્રાવણ છે, એમાં ય રમી લીધી હોળી?
છંટાઈ ગયા ખુદ, વ્યોમ સમું પોતાનું વસ્તર ભીંજાણું,
નવલું નીલાંબર ભીંજાણું.

કાળી કાળી જલપરીઓની આંખોમાં વીજના ચમકારા,
ત્યાં દૂર ક્ષિતિજે દેખાતા આ કોની આંખના અણસારા?
શી હર્ષાનીહેલી કે ધરતીનું ક્લેવર ભીંજાણું?
નવલું નીલાંબર ભીંજાણું.

આ રસભીની એકલતામાં સાંનિધ્યનો સાચે સંભવ છે,
ફોરાંની મૃદુ પાયલ સાથે આ કોનો મંજુલ પગરવ છે?
આનંદના ઊઘડ્યા દરવાજા, રે મન! આખું ઘર ભીંજાણું,
નવલું નીલાંબર ભીંજાણું.

ગનીભાઈએ ગીતો નથી લખ્યાં એમ નહીં, પણ એ ગીતકાર તરીકે ગઝલકાર જેટલા સફળ નથી થયા. અલબત્ત, ક્યારેક ભિખારણ ગીત મજાનું ગાય એવું ગીત આપી પણ શકે છે.

ગનીભાઈની કવિતાની વિશિષ્ટતા એ છે કે એ કોઈ ચોક્કસ ચોકઠામાં બંધાઈને લખતા નથી. લખતા જાય એમ એનું આપોઆપ ચોકઠું બંધાતું જાય છે. ગનીભાઈ પાસે જે સહજ સ્વાભાવિકતા છે એનો હું આદર કરું છું પણ એમની કવિતાના પોત પર નકશીકામના - કસબના ઝીણા બખિયાઓ નથી એની રાવ-ફરિયાદ પણ કરું છું.

(સુરેશ દલાલ : 'કાવ્ય વિશેષ' શ્રેણીમાં પ્રગટ થયેલ 'ગની' દહીંવાલાની પુસ્તિકાના આમુખમાંથી)

# નિજાનંદે હમેશાં

(તઝમીન : મૂળકૃતિ બાલાશંકર કંથારિયા)

સુખી જીવન મળે તો નીર સમ કલરવ કરી વ્હેજે !
વિપત્તિને પવન જો વાય તો પર્વતી બની ર્‌હેજે !
તૂટે આકાશ તો પણ દોષ ના પ્રારબ્ધને દેજે !
**ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્‌હેજે !**
**ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે !**

સુરાલય છે જગત, ખોટી ખરી મદિરા પીછાની લે !
સુરાથી યે વધુ સાકીથી માદક મહેરબાની લે !
ગ્રહી પ્રત્યેક બિન્દુથી ટપકતી નવજવાની લે !
**રહે ઉન્મત્ત આનંદે ખરું એ સુખ માની લે !**
**પીએ તો શ્રી પ્રભુના નામનો પ્યાલો ભરી પીજે !**

જીવનના બાગમાંથી સાધનો લેજે નિરાળા તું,
કળી કર્તવ્યની લૈ, ધૈર્યના ધાગા રૂપાળા તું;
રટણમાં ગૂંથ કોમળ રાત્રિઓ, દિવસો સુંવાળા તું,
**પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાળા તું**
**પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દીજે !**

જમાનાએ રહ્યો, શી છે પછી ચિંતા તને કાંઈ ?
જીવન જીવી રહ્યો, શી છે પછી ચિંતા તને કાંઈ ?
અમર પણ થૈ ગયો, શી છે પછી ચિંતા તને કાંઈ ?
**કવિ રાજા થયો શી છે પછી ચિંતા તને કાંઈ ?**
**નિજાનંદે હમેશાં 'બાલ' મસ્તીમાં મઝા લેજે ?**

# 'ગની' દહીંવાલાની ગઝલોમાં મૌસિકી



*ડૉ. પ્રફુલ્લ દેસાઈ*

ગઝલમાં સૌન્દર્ય અને સંગીતતત્ત્વ (મૌસિકી) એ બે લક્ષણો એવાં છે કે જેમની હાજરીથી ગઝલની રજૂઆતને ચાર ચાંદ લાગી જાય. આમ તો ગઝલની બહરમાં છુપાયેલું સંગીતનું તત્ત્વ હોય છે પણ તોયે એ તત્ત્વને બહાર લાવવા માટે કવિએ પોતાની ભાષા દ્વારા પ્રયત્ન કરવો પડે છે. ગઝલ આમ તો સાહિત્ય અને સંગીત બન્નેનો વિષય ગણાય છે છતાં ગનીચાચાની ગઝલોમાં સંગીતનું તત્ત્વ વિશેષ દેખાય છે અને એમની ગઝલો સંગીતકારો ઉપરાંત સંગીત ન જાણનાર લોકોમાંયે પ્રિય થઈ પડી છે, એના કારણો તપાસીએ.

સાહિત્યની જેમ કંઠ્યસંગીત પણ શબ્દ સાથે સંકળાયેલું છે. કંઠ્યસંગીતમાં શબ્દો, દશ્યો (ચિત્ર અથવા ભાવને સ્પષ્ટ કરવાની આવડત) અને કવિના ભાવનું શ્રોતામાં થતું સંક્રમણ - આ ત્રણે વાનાં અગત્યનો ભાગ ભજવે છે. અહીં 'શબ્દ' અને 'સૂર' વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. સૂર સાત છે અને તે લય, તાલ અને શ્રુતિઓની સામુહિક અસર છે પણ આ સૂરોમાં 'અર્થગામિતા' નથી. જ્યારે શબ્દમાં નાદ, લય, તાલ અને શ્રુતિની સાથે 'અર્થગામિતા' પણ છે. સૂરની સરખામણીમાં શબ્દમાં લય, તાલ, શ્રુતિ નબળાં હોય છે, એટલે શબ્દોનો પ્રભાવ સંગીત જેટલો સૂક્ષ્મ, વ્યાપક કે ઊંડો નથી. એ પ્રભાવ શબ્દમાં લાવવા કવિએ પોતાના ભાષીકર્મ દ્વારા મથવું પડે છે, જેનાથી શબ્દ દશ્યો ઊભા કરી ભાવક સાથે કવિના ભાવનું સાયુજ્ય સર્જે છે. ગઝલમાં આમ મૌસિકી સાથે મુહાકાત (દશ્યો ઊભાં કરવાની આવડત) નું પણ મહત્ત્વ છે.

શબ્દોમાં સંગીતનો પ્રભાવ ઊભો કરવામાં ગઝલની બહર અને ખાસ કરીને તેના અરકાન (ગણો) અને સૂક્ષ્મ રીતે તેનાં સબબ, વતદ જેવાં ઘટકો કંઈક અંશે મદદ કરે છે, જો કે ગઝલના છંદો કે તેનાં ઘટકો એ કંઈ રાગોનું બંધારણ કે ગાયકીનું નિયમશાસ્ત્ર નથી, પણ એ જાણવું રસપ્રદ થઈ પડશે કે ગઝલના છંદો અને ગણોનું મૂળ ઘટક વતદ ('લગા' કે 'ગાલ') છે, જેની આસપાસ બીજાં લઘુ કે ગુરુ અક્ષરો પ્રયોજીને ગણો બનાવવામાં આવ્યા છે, જે જુદા જુદા લય સર્જે છે.

સબબ, વતદ (લ, ગા, લલ, લગા, ગાલ વગેરે) ને ગુજરાતીમાં આપણે શબ્દાંશો કહી શકીએ, એમાં સબબ ('ગા' કે 'લલ') (મન, દિલ વગેરે) માં એક સસ્વર અક્ષર નાદવ્યક્ત (ગતિવાનો) (મુતહર્રિક) અને ખોડો (કે ખોડો ઉચ્ચારા તો) અક્ષર શાંત (ગતિ વગરનો) (સાકિન) કહેવાય છે. તેવી જ રીતે વતદ ('લગા') માં પહેલા બે અક્ષરો 'નાદયુક્ત' અને છેલ્લો તો વતદ ('ગાલ')માં પહેલો અને ત્રીજો અક્ષર ગતિવાળા અને વચલો ગતિ વિનાનો અક્ષર કહેવાય છે. એની સાથે બીજા લઘુ, ગુરુ અક્ષરો જોડાતાં જુદા જુદા લય સર્જાય છે.

આ 'લગા' ઘટક મૂળ પ્રણવમંત્ર કે ગાયત્રીમંત્રમાંથી પ્રગટેલો નાદ છે, એમ મનાય છે, જે સંગીતનો પાયારૂપ નાદ છે.

હવે આપણે ગનીચાચાની ગઝલોમાંની મૌસિકીને તપાસીએ.

ગનીચાચાએ વાપરેલી અનેક બહરોમાંથી લગભગ દસેક બહરોવાળા શેરોનાં ઉદાહરણ આપણે જોઈએ.

(૧) છંદ : ગાલ-ગાગા / ગાલ-ગાગા / ગાલ-ગાગા / ગા-લગા

"જિંદગીનો એ જ સાચોસાચ પડઘો છે 'ગની' :
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે."

અહીં આપણે જોઈ શકીએ છીએ કે વતદ અને સબબ મુજબ શબ્દો કે શબ્દાંશોનાં ચોસલાં લયબધ્ધ રીતે ગોઠવાયાં છે. આ જ છંદનો પણ સહેજ જુદા લયવાળો શેર જુઓ :

"એ રીતે ઝબકીને દિલની ઝંખના જાગી હશે
ઊંઘતી રાધા હશે ને વાંસળી વાગી હશે."

અહીં લય આ પ્રમાણે છે : ગા-લગા / ગાગા / લગા-ગા / ગા-લગા / ગાગા / લગા

(૨) છંદ : લગા-ગાગા / લગા-ગાગા / લગા-ગાગા / લ-ગાગાગા

"જગત-સાગર, જીવન-નૌકા અને તોફાન ઊર્મિનાં,
નથી પરવા, હૃદય સરખો સુકાની લઈને આવ્યો છું."

જે લય ગનીચાચાએ પકડયો છે, તે અનુસાર જ શબ્દો મૂકવા છે, તો હવે

એ જ છંદનો બીજો લય પણ જુઓ :

છંદ : લગા-ગા / ગાલ-ગા / ગાગા / લગા / ગાગા / લગા / ગાગા

"ન રાખી દીન પર દૃષ્ટિ, ફક્ત દાતા ઉપર રાખી,
તમે જે જિંદગી દીધી, અમે શંક વગર રાખી."

(૩) છંદ : ગા-ગાલ / ગાલ-ગાલ / લગા-ગા / લગા-લગા
"માટીને મહેકવાની ગતાગમ નથી હજી;
વરસાદ આંગણા મહીં વરસો-વરસ પડ્યો."

આ જ છંદનો બીજો લય જુઓ :

ગાગા / લગા-લગા / લ-લ-ગાગા / લગા-લગા

"શ્રધ્ધા જ મારી લઈ ગઈ મંઝિલ ઉપર મને,
રસ્તો ભૂલી ગયો, તો દિશાઓ ફરી ગઈ!"

(૪) છંદ : લગાગાનાં આઠ આવર્તનો
"તમારાં અહીં આજ પગલાં થવાનાં, ચમનમાં બધાને ખબર થૈ ગઈ છે;
ઝુકાવી છે ગરદન બધી ડાળીઓએ, ફૂલોનીય નીચી નજર થૈ ગઈ છે."

અહીં ગણાનુસાર શબ્દો કેવા સરળતાથી ગોઠવાયા છે !

આ છંદનો બીજો લય :

લગા / ગાલ-ગાગા / લગા / ગાલ-ગાગા

"સુખે માણજો આ સુરા-દૌર, મિત્રો !
મને ઊંઘ આવી રહી છે હવે તો"

(૫) છંદ : ગા-ગાલ / લગા-ગાગા / ગાગા / ગા-ગાલ / લગા-ગા / ગા-ગાગા

"મદમસ્ત યુવાનીની શિક્ષા ઘડપણને મળે એ ન્યાય નથી;
તોફાન થયું છે ભર-દરિયે, સપડાય કિનારો શા માટે?"

આ જ છંદનો બીજો લય :

ગા-ગાલ / લગા-ગા / ગાલ-લગા / ગા-ગાલ / લગા-ગા / ગાલ-લગા

"એ દર્શ-સમયની ધન્ય ઘડી જાણે કે અચાનક વીજ પડી,
છે યાદ હજી બે આંખલડી, બાકી સઘળું વીસરાઈ ગયું!"

અહીં ઘડી-પડી-આંખલડીનો આંતરપ્રાસ પણ નોંધવા જેવો છે, જે આ લયને ઘૂંટે છે. કવિની છંદની પસંદગી પણ કાબિલે-દાદ છે.

(૬) છંદ : ગાલ-ગાગા / લગા / ગાલ-ગાગા / લગા નાં બે આવર્તનો :

"એ ખરું છે કે દુઃખ મુજથી સે'વાયના,
એય સાચું, તને કાંઈ કે'વાય ના,
હાર એને ગણું કે ગણું હું વિજય?
લાગણીવશ હૃદય! લાગણીવશ હૃદય!"

અહીં પણ આંતરપ્રાસની મજા છે

(૭) એમની કામિલ છંદવાળી પ્રખ્યાત ગઝલનો એક શેર જુઓ :

લ-લગા-લગા / લ-લગા-લગા / લલ-ગા-લગા / લ-લ-ગા-લગા

"ન ધરા સુધી, ન ગગન સુધી, નહિ ઉન્નતિ, ન પતન સુધી;
અહિ આપણે તો જવું હતું, ફક્ત એકમેકનાં મન સુધી."

(૮) 'ગાગા' ના સાત આવર્તનવાળી એમની જાણીતી ગઝલ :

"સાવ અમસ્તું નાટક-નાહક નિષ્ફળ રમીએ;
ચાલ મજાની આંબાવાડી આવળબાવળ રમીએ."

(૯) લ-લગા-લગા / લગા-ગા / લ-લગા-લગા / લગા-ગા

"ન તો કંપ છે ધરાનો, ન તો હું ડગી ગયો છું;
કોઈ મારો હાથ ઝાલો, હું કશુંક પી ગયો છું!"

(૧૦) છંદ : ગાલ-ગાલ / ગાલ-ગાગા / લગા-ગાલ / ગાલ-ગાગા

"ઓ વિષાદ જિંદગીના, જરી સુણજે ધ્યાન આપી,
કે જવું છે આ જગતને, કોઈ દિવ્ય ગાન આપી!"

ગનીચાચાનો કંઠ મધુર હતો અને છંદ પરની પકડ મજબૂત હતી, મૌલૂદ ગાવાની એમને તક મળી અને તેમને શબ્દોમાં રહેલા સંગીતતત્ત્વની પણ ખાસ્સી પિછાણ થઈ.

આને કારણે એમની ગઝલોમાં તેઓ મૌસિકીને સરસ રીતે લાવી શક્યા. અહીં એમનાં ગીતો-'ભીખારણનું ગીત', 'ચઢી ગયાં' તા'વાતે', 'નમણું નીલાંબર', 'મોરલાને વેઠ્યો ન જાય' વગેરે પણ રખે ભૂલાય. એમના જન્મ શતાબ્દિ વર્ષે અમારા શતકોટિ વંદન.

*- ડૉ. પ્રફુલ્લ દેસાઈ*

૭૬, સુરુચિ સોસાયટી, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.

ફોન : ૦૨૬૧-૨૨૩૨૨૫૨, મો.: ૯૮૭૯૪ ૧૬૯૦૨

# દિવસો જુદાઈના

દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,
મને હાથ ઝાલીને, લઈ જશે હવે શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.

હજી પાથરી ન શક્યું સુમન, પરિમલ જગતના ચમન સુધી;
જો ધરાની હોય ન સંમતિ ! મને લઈ જશો ન ગગન સુધી.

છે અજબ પ્રકારની જિંદગી, કહો એને પ્યારની જિંદગી,
ન રહી શકાય જીવ્યા વિના, ન ટકી શકાય જીવન સુધી.

તમે રાંકના છો રતન સમાં ન મળો હે અશ્રુઓ ધૂળમાં,
જો શરત કબૂલ હો આટલી તો હ્રદયથી જાઓ નયન સુધી.

અહીં મૃત્યુલોકમાં રહીને પણ જો નજરને સ્વર્ગ મળી શકે !
કદી રૂપ રૂપ વદન સુધી ! કદી મ્હેક મ્હેક સુમન સુધી.

તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી,
તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.

જો હ્રદયની આગ વધી **ગની**; તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,
કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.

**(ગની દહીંવાલા)**

## હ્રદયથી જાઓ નયન સુધી

- જગદીશ જોશી

મિલનને જળોની જેમ એક પડછાયો વળગ્યો છે - તે વિરહનો. વિરાનીમાં પસાર થઈ જાય છે તે 'દિવસો' નહીં, પણ જિંદગી. સાચી લગની અને તીવ્રતા હોય તો નવેસરથી મિલન શક્ય બને. જે આજે શત્રુઓ છે તે જ સ્વજન સુધી પહોંચાડવાની મહેરબાની કરશે. પ્રેમની માછલી માટે વિરહનું દુ:ખ એ જ સાચું જળાશય છે. જેણે શકુંતલાને દુ:ખમાં વીંટી લીધા એ વીંટી જ અંતે એને દુષ્યન્તની આંગળી સુધી લઈ જાય છે.

ધરા કે ગગન, ઉન્નતિ કે પતનની આકાંક્ષા કે ગણતરી જ નથી. એકમેકના મન સુધી પહોંચી શકાય તે જ સફળ યાત્રા. જ્યાં ધરા અને ગગનનો સમન્વય થાય એ પ્રેમભૂમિ જ આપણું લક્ષ્ય છે. 'પહોંચવા'નું અગત્યનું નથી; યાત્રાના આરંભ અને સાતત્યમાં જ 'મંગલ' છે. અને ધરાની સંમતિ વગર તો ગગનનું સુખ પણ કોને ખપે છે? મહિમા ફૂલનો કે ફળનો નહીં; સાચો મહિમા તો મૂળનો છે. ધરાના ગર્ભમાં જતન પામે તો જ પેલું સુમન જગતના બાગ સુધી પોતાની સુવાસ ફેલાવી શકે.

પ્યારને ફાળવવામાં આવેલી જિંદગીની રિયાસત 'અજબ' છે. જીવીએ તો મરણવી પગદંડી પર અનંત ચાલ્યા કરવાનું. પ્રેમના લલાટ ઉપર વ્યથાનું તિલક જ નિર્માયું છે. મહોબ્બતકી કિસ્મત બનાનેસે પહેલે જમાનેકે માલિક તૂ રોયા તો હોગા. આ અજબ પ્રકારની જિંદગી છે - 'આ' જિંદગી છે ?

આંસુઓ તો લાગણીને દેહ બક્ષે છે. આ આંસુઓ તો "રાંકનાં રતન" છે. એને વેડફી નાખવા, એને ધૂળભેગાં કરવામાં ઔચિત્ય ક્યાં ? કવિ ખુમારી આંસુઓ ઉપર સોલોમનશાઈ શાહી ફરમાન બજાવે છે. હૃદયમાં ધોળાયા, ઘૂમરાયા કરો; પણ તમારી કેદમાં બારીની જાહોજલાલી તો જ મળશે જો તમે ધૂળમાં રોળાઈ જ જવાની બાંયધરી આપો. હૃદયથી નયન સુધી પહોંચતામાં તો કેટકેટલાં વમળોમાં નિચોવાવું પડે છે !

આ મૃત્યુલોકમાં નયનનું કોઈ નિર્વાણ હોય તો તે પ્રિય વ્યક્તિનો ચહેરો. એ ચહેરો જો પ્રિય વ્યક્તિનો હોય તો આપણી આંખો જ એ ચહેરા પર રૂપના શેરડા ચીતરશે. એ ફૂલમાં લપાયેલી મહેક એ તો આપણી આંખોનો પ્રેમ છે ! 'જમીન પર જન્નત' મેળવવા તલસતી કેટલીય નજરો અડવાણે પગે નિરાશ્રિત કતારોમાં ઊભી હશે !

ઘડી બે ઘડીની લાગણીઓ રાજરાણીનાં વસ્ત્રોની જેમ અંગ શોભાવે. પણ પ્રેમની સાચી તલસન તો આમરણ (કે પછી મરણોત્તર ?) સથવારો છે.

આગ એટલી બધી વધી જાય કે એને ઓક્સિજન જ ન મળે - એવી પરિસ્થિતિ સર્જાય એ તો ઈશ્વરની અસીમ કૃપા જ ગણવી. આવી તીવ્ર વ્યથાને એટલી નાજુક રીતે કવિ અહીં રજૂ કરે છે કે એને માટે ગદ્યમાં સમજૂતી આપવી નિરર્થક છે. વ્યથાને પણ કેવી કલામયતા સાંપડી છે... કોઈ શ્વાસ બંધ કરી ગયું પ્રથમ શેરના "જરૂર" નો મગરૂર ખુમાર છેલ્લા શેરમાં કેવો મજબૂર બની જાય છે ! આ જ તો પ્રણયની નાન્દી અને આ જ પ્રણયનું ભરતવાક્ય !

આપણા જીવનની મહેફિલમાં તૈયાર થયેલ આ શાયર **ગની દહીંવાલા** ગળામાં આવે એ મસ્તીથી ગાઈ નાખે છે. એમની ગઝલોમાં કસબ કરતાં નૈસર્ગિકતાનું બળ આપણને આકર્ષે છે. અહીં આપેલા શેરમાં એમણે શરત મૂકતી વખતે 'તો'નો જે બળૂકો ઉપયોગ કર્યો છે એમ જ આપણે એમને પણ કહીએ કે આવી જ સત્ત્વશીલ ગઝલો આપો અને...

'જો શરત કબૂલ હો આટલી તો હૃદયથી જાઓ નયન સુધી' !

એકમેકના મન સુધી પહોંચવાની વાતને અને એની વ્યથાને આ શાયર બીજી એક ગઝલમાં આ રીતે મૂકે છે :

"મૂકી છે દોટ બંનેએ, હવે જે થાય તે સાચું;
જમાને ઝાંઝવાં રૂપે, અમે તરસ્યા હરણ રૂપે."

(સૌજન્ય : એકાન્તની સભા)

# મજાની આંબાવાડી

સાવ અમસ્તું નાહક નાહક નિષ્ફળ નિષ્ફળ રમીએ,
ચાલ મજાની આંબાવાડી, આવળ બાવળ રમીએ.

બાળસહજ હોડી જેવું કંઈ કાગળ કાગળ રમીએ,
પાછળ વ્હેતું આવે જીવન, આગળ આગળ રમીએ.

માંદા મનને દઈએ મોટું માદળિયું પહેરાવી,
બાધાને પણ બાધ ન આવે શ્રીફળ શ્રીફળ રમીએ.

તરસ ભલે ને જાય તણાતી શ્રાવણની હેલીમાં,
છળના રણમાં છાનામાના મૃગજળ મૃગજળ રમીએ.

હોય હકીકત હતભાગી તો સંઘરીએ સપનાંઓ,
પ્રારબ્ધી પથ્થરની સાથે પોકળ પોકળ રમીએ.

ફરફર ઊડતું રાખી પવને પાન સરીખું પ્હેરણ,
મર્મર સરખા પારાવારે ખળખળ ખળખળ રમીએ.

હુંય ગની નીકળ્યો છું લઈને આખોપાખો સૂરજ,
અડધી પડધી રાત મળે તો ઝાકળ ઝાકળ રમીએ.

**(ગની દહીંવાલા)**

## ભૂતકાળના ભૂતિયા મહેલમાં ભાવિ સ્વપ્નનાં ઝુમ્મર

*- જગદીશ જોશી*

હમણાં થોડા વખત પર જ સુરતમાં ગનીભાઈ દહીંવાલાનું સન્માન થયું ત્યારે ગઝલની આંબાવાડીનું વર્ષોથી રખોપાપણું કરનાર જૂના જોગીની આ પોતાની જ કૃતિઓમાં કંઈક અનોખી ભાત પાડનાર ગઝલ વિશે લખવાનું મન થાય છે. ગનીભાઈને તમે જોયા છે? બેઠી દડીનો બાંધો, કંઈક ભરાવદાર શરીર, પાતળો ઝભ્ભો... આ જ ગઝલના શેરમાં આવે છે તેવું 'પાન સરીખું પ્હેરણ !' તેમનું વ્યક્તિત્વ, હાવભાવ, ચહેરો પણ એવો નિરાડંબરી કે કહેવાનું મન થાય કે જે કંઈ પહેરીએ-ઓઢીએ, જે કંઈ પ્રતિષ્ઠા મળે તેનો ભાર ન હોય, સત્તાનો ખુમાર પણ ન હોય. એને તો 'પવને ફરફર ઊડતું' રાખવું. સમગ્ર પારાવારને 'મર્મર' સરખો ગણીને આપણે તો ''ખળખળ ખળખળ રમીએ !'' આ જૂના જોગી

પોતાની કલમનું સાતત્ય વર્ષોથી જાળવી રાખી શક્યા છે - અને છતાં અહીં આવડી દ્વિરુક્તિની શેરે શેરે થતી ફરફર બતાવે છે. નવીન પ્રત્યેનો તેમનો સરળ અભિગમ.

એમની ભાષાની સરળતાનું વહેણ એટલું પારદર્શક છે કે તેને તળિયે વ્હેતી વેદના સ્પષ્ટ દેખાય છે. આંબાવાડીની ઘટાટોપ ફળતી લીલાશમાં 'આવળ બાવળ' રમવું - આ વિરોધાભાસ જ કેવો વ્યથાપૂર્ણ છે ! એમાંય 'રમવું' અને તે પણ જાણીએ છીએ કે 'સાવ અમસ્તું' છે, 'નાહક નાહક' છે અને આ આખી રમત (જિંદગી ?) 'નિષ્ફળ નિષ્ફળ' છે અને છતાં ચાલ, રમીએ. ફળના રાજા જેવી કેરીનું ફળ આપનાર આંબો... અને આ તો આખી મજાની આંબાવાડી છે. આમ્ર-ફળની છાંયમાં 'નિષ્ફળ' રમવામાં જેટલો લીલાનો ભાવ છે તેના કરતાં વિધાતાના રથના ઊંડા ચીલા છે.

આ રમત છે જાણવા છતાં તે રમત માંડી ત્યારે સુફળની અપેક્ષાથી આ નિરુદેશ લીલાને પણ આપણે હેતનું 'મોટું માદળિયું' પહેરાવ્યું, એ જ બતાવે છે આપણું મન કેવું માંદલું છે. આ સફળ-સફળ એ તો બધાં ફળ છે - સાવ અમસ્તાં નિષ્ફળ નિષ્ફળ. પણ આ રમતની સાચી ફળશ્રુતિ તો મનની શ્રીના ફળમાં છે.

શ્રાવણની હેલી હોય, પાણીનું અખૂટ સાન્નિધ્ય હોય ત્યારે તરસ પણ તણાઈ જતી હોય છે. પરંતુ, પ્રિય વ્યક્તિ સાથે હોય ત્યારે પ્રેમ શું છે. એની તરસ શું છે એનો ખ્યાલ નથી આવતો. મોટા ભાગના આપણે 'પ્રેમ'ને નામ ઊછળવાને બદલે એકબીજાને છળતાં નથી? જ્યાં છળકપટ છે ત્યાં પ્રેમ નહીં, રણ જ છે. જે છે તે છે, તો ચાલ, રણમાં મૃગજળ તો મળે છે, અને મૃગજળ અંતે તરસને તીવ્ર બનાવે જ છે. તો ચાલ, 'છાનામાના' પણ, મૃગજળની 'રમત'ને નામે પણ, ચાલ, રમી લઈએ. અંતે મૃગજળ પણ એક 'રમત' જ છે ને ?

હકીકતમાં તો જીવન હતભાગી મળ્યું છે : પણ સપનાંઓને સંઘરવાની તો નિયતિ પણ ના પાડી શકે તેમ નથી. ભૂતકાય ભૂતિયો મહેલ હોય તો પણ ભવિષ્યનાં સપનાંઓનાં ઝુમ્મર ક્યાં નથી લટકાવાતાં ! પથ્થરિયા પ્રારબ્ધની સાથે પોકળ પોકળ - ચંચળ, રમત - રમી લઈએ. 'પથ્થર' ની સઘનતા સામે આ આખ્ખીય રમતની 'પોકળતા' નો વિરોધાભાસ પણ પેલી ફળદાયી 'આંબાવાડી' સામે 'નિષ્ફળ' ના વિરોધાભાસ જેવો સચોટ છે. બલ્કે, વિરોધાભાસોની કવિતાક્ષમ લીલામાં કવિ અહીં વાતનો દીવો તરતો મૂકે છે. આ કઠોર હકીકતના પ્રારબ્ધિયા પથ્થરોમાં પણ રમતની કવિતાની (કવિતાની રમત નહીં) સરવાણી વહેતી રહે છે.

'આખોપાખો' (ઝાંખોપાંખો ?) સૂરજ લઈને હુંય નીકળી પડ્યો છું. પ્રારબ્ધના હકીકતરંક સૂરજની સામે સપનાંઓનાં ઝાકળની રમત રમવી એમાં જ મનુષ્યની ખરી કસોટી છે. નિયતિ જો આપણને નમાયું રમકડું બનાવે છે તો આપણે પણ એને સ્વધર્મ સમજીને રમી લઈએ. સૂરજના તાપ સામે ઝાકળની ક્ષણજીવી ભીનાશને જ કવિતાની ક્રીડા છે, લીલા છે. શ્વાસ લેવાનો જ હોય તો આ જ શ્વાસ લેવાના ખેડાયેલા ચીલા છે ! આખી કે નિર્ભેળ રાત તો ક્યાંથી મળે ? પણ 'અડધીપડધી' - અધકચરી - રાત મળી જાય તોપણ આપણે ઝાકળ ઝાકળ રમી લઈએ. આકળા થયા વિના, બેબાકળા થયા વિના, ઝાકળનું પણ ગૌરવ કરી લઈએ. નસીબની સામે મૂઠી પછાડવાથી કંઈ વળતું નથી : એના કરતાં તો તેની જ મૂઠી ખોલી નાખીને તેની રેખાને લેખે લગાડીએ તોપણ મોટું સદ્ભાગ્ય નથી ?

(સૌજન્ય : એકાન્તની સભા)

# 'ભિખારણનું ગીત' - એક લોકપ્રિય રચના

*- સંધ્યા ભટ્ટ*



પોતાની ગઝલોથી અત્યંત લોકપ્રિય બનેલા કવિ 'ગની' દહીંવાલા 'ભિખારણનું ગીત' દ્વારા સમર્થ ગીતકવિ લેખાયા છે. આ ગીત શ્રી ઉમાશંકર જોશીએ 'સંસ્કૃતિ' માં પ્રકાશિત કર્યું હતું. એ પણ એક નોંધવા જેવી બાબત. જેમ નાટકમાં ક્યારેક **Play within play** આવે છે, એમ આ ગીત વિશે પણ કહી શકાય. ગનીભાઈએ લખેલ ગીતમાં ભિખારણનું પણ ગીત આવે છે. તેથી જ અહીં ભિખારણે ગાયેલી પંક્તિઓ અવતરણ ચિહ્નમાં મુકાઈ છે. ભિખારણનું રેખાચિત્ર ત્યાર પછીની પંક્તિઓમાં કવિ દોરી આપે છે.

ભિખારણની આર્દ્રતા અને આરત આ ગીતના અક્ષરેઅક્ષરમાંથી ટપકી રહે છે. 'ભિખારણ ગીત મઝાનું ગાય' એ પ્રથમ પંક્તિ જ રસનો આવિર્ભાવ કરે છે. 'મઝાનું' શબ્દ દ્વારા કવિ એક અપેક્ષા ઊભી કરી આપે છે, જે ત્યાર પછીની પંક્તિઓ દ્વારા યથાતથ પૂર્ણ થાય છે. ભિખારણની આંખનાં ઝળઝળિયાં અને તેના મુખેથી નીકળતાં ગીતના અમૃતનું સાયુજ્ય સુંદર ભાવચિત્ર ઊભું કરી આપે છે. હવે આવે છે અવતરણચિહનની પંક્તિઓ.....

'મારા પરભુ મને મંગાવી આપજે, સોના-રૂપાનાં બેડલાં,
સાથ સૈયર હું તો પ્રાણીએ જાઉં, ઊડે આભે સાળુના છેડલા.'

ભિખારણ પ્રભુ પાસે સોના-રૂપાનાં બેડલાં, સહિયરનો સંગાથ અને આભે ઊડે તેવાં સાળુ માગે છે. કવિ કહે છે કે હકીકતમાં તો તેની પાસે ભાંગ્યુ-તૂટ્યું ભિક્ષાપાત્ર, અંતરમાં ઊની ઊની લાય અને ઊંડી આંખો જ છે. હૈયામાં હાય હોવા છતાં તેના કંઠે ગાણુ રમે છે.

ભિખારણની બીજી આકાંક્ષા છે કે તે 'અતલસ-અંબર' પહેરીને ગંગા-તીરે ન્હાવા જાય. હકીકતમાં તેના કમખામાં સોસો લીરા અને માથે ઊડતી ઓઢણી ફાટેલી છે, જે તેની લળતી-ઢળતી કાયાને પૂરેપૂરી ઢાંકી શકતા પણ નથી. તે ઊંચે સાદે ગાય છે, ત્યારે તેનો ઘાંટો બેસી જાય છે.

ભિખારણ જ્યારે અંબોડામાં શરદ-પૂનમનાં ચાંદાની ગૂંથાણી અને કપાળ પર

લાલ લાલ ઉષાનું ઓજસે માગે છે, ત્યારે ખરેખર તો તેના માથા પર આડી-અવળી જંગલ ઝાડી છે, જેના પર ફાગણનો ઉષ્ણ વાયુ ફૂંકાય છે, તેનું માથું ધૂળથી ઢંકાયેલું છે અને તે જૂ ભરેલું માથું ખણે છે. અહીં 'લાલ' શબ્દનું પુનરાવર્તન ઉષઃકાળના સૌંદર્યને મૂર્તિમંત કરી આપે છે.

ભિખારણની વરવી વાસ્તવિક સ્થિતિ સામે તેના મુખથી પ્રકૃતિના સૌંદર્યથી રસાયેલાં, સમૃદ્ધ અને સુંદર આભૂષણોની ઊંડી અભિલાષા વ્યક્ત થતી દર્શાવાઈ છે. પરાકાષ્ઠા તો ત્યારે આવે છે, જ્યારે ભિખારણ છેલ્લે એવું પણ માગે છે કે સોળ શણગાર સજેલા મારા આ રૂપને જોવા પ્રભુ તું ધરતી પર આવજે અને તારા સ્વરૂપને વ્યક્ત કરતી મને નવલખ તારાથી વધાવજે. ભિખારણનો પ્રભુ માટેનો આ પોકાર હૃદય ચીરી નાખે તેવો છે. તેની આ સર્વશ્રેષ્ઠ માગણી વખતે તેનો સાદ ભક્તિ-ભીનો છે અને મીરાંની યાદ અપાવે છે. સાચું તો એ છે કે, તેની શ્રદ્ધા જ તેનું ગીત છે અને તેનો પરભુ તેની પ્રીત છે.

છેલ્લી બે પંક્તિમાં 'ગની'ભાઈએ ભિખારણનાં મન-હૃદયનું ચિત્ર અત્યંત લાઘવથી આંકી આપ્યું છે.

'એની અણસમજી ઈચ્છાઓ / જાણે હૈયું કોરી ખાય'

ભોળી, અબુધ, અણસમજુ પરંતુ પ્રભુ માટે અત્યંત ઊંડી શ્રદ્ધા ધરાવતી; ઈશ્વરે સર્જેલ સૃષ્ટિના સૌંદર્યને જોઈ શકતી, સ્વને ભૂલીને પ્રાકૃતિક તત્ત્વો વડે શૃંગારિત થવાની તીવ્ર આકાંક્ષા ધરાવતી ભિખારણનું ચિત્ર 'ગની'ભાઈ જેવા ઉમદા ઈન્સાન તથા સમસંવેદના ધરાવનાર કવિ જ આપી શકે.

પ્રત્યેક સ્ત્રી શૃંગાર ઈચ્છે છે. આ **Feminine feature** ને કવિએ એક સાથે માનવીય તેમ જ દિવ્ય પરિમાણ આપ્યું છે. એક બાજુ ભિખારણનું દારિદ્રય છે, તો બીજી બાજુ ચિત્તનું સૌંદર્ય છે. એક તરફ ગરીબાઈની વાસ્તવિકતા છે, તો બીજી બાજુ ગગનગામી કલ્પનાનું ઉડ્ડયન છે અને કવિની સફળતા એ છે કે આ બંને તથ્યોને જોડાજોડ મૂકીને એમણે ભિખારણનું ગીત રચ્યું છે.

આ ગીતને બીજા સ્તર પર મૂકીને જોઈએ તો, ક્યારેક માનવી પણ ભિખારણની દશામાંથી પસાર થતો હોય છે. બલ્કે, પ્રત્યેક માનવી ક્યારેક ને ક્યારેક તો ભિખારણની પરિસ્થિતિમાં મુકાતો જ હોય છે. એની કલ્પના દ્વારા એ ઊંચું નિશાન તાકે છે, પણ વાસ્તવિક પરિસ્થિતિ કંઈક જુદી જ હોય છે. આમ, ભિખારણનું પાત્ર એક રીતે પ્રતીક

સમુ બની રહે છે.

ગીતરચનામાં લય એ મહત્ત્વની બાબત છે. અહીં તો કવિએ બે સ્તર પર કામ કરવાનું છે અને તેથી જ તેઓ ગીતના ભાવપલટા પ્રમાણે પંક્તિઓ રચે છે. ભિખારણ ગીત ગાય છે તેની પ્રલંબ ગતિ સામે ભિખારણની દશા વર્ણવતી વખતનું ગાંભીર્ય બતાવવા નાની પંક્તિઓ 'ગની'ભાઈએ મૂકી છે. આ ગીતની સ્વર રચના ઊંડી સૂઝમાંગી લે તેવી છે. ગાયકની સંગીત પ્રતિભાની કસોટી સ્વર કરે તેવી છે. ચીર-તીર, આડી-ઝાડી, લીરા-ચીરા, બેડલાં-છેડલા, વિ. અંત્યાનુપ્રાસો અહીં સહજ રીતે ગોઠવાઈ ગયાં છે.

સામાન્ય રીતે એવું મનાય છે કે, ગીત નાજુક ભાવોનું વહન કરવા માટેનું માધ્યમ છે. ગઝલની ચોટદાર બાની કે બળકટ મિજાજ અહીં અપેક્ષિત નથી. એ દૃષ્ટિએ જોવા જઈએ તો સફળ ગઝલકાર 'ગની'ભાઈ અહીં ગીતકાર તરીકેની સજ્જતા પણ દાખવી શક્યા છે. એ તેમની ગઝલોમાં નાજુક નકશીકામ કરવાની હથોટીને કારણે પણ બન્યું હોય.

સાચે જ, 'ભિખારણનું ગીત' લોકપ્રિય બને તેમાં કશું આશ્ચર્ય નથી.

*- સંધ્યા ભટ્ટ*

'સ્નેહલ', પ્રજાપતિ વાડી સામે, ગાંધી રોડ, બારડોલી, જિ. સુરત.
ફોન : (૦૨૬૨૨) ૨૨૫૫૩૬, મો.: ૯૮૨૫૩ ૩૭૭૧૪

# તિરાડ પડી


સ્વપ્નાના કાચમાં તિરાડ પડી,
ક્યાંય શોધી ન એકેય કરચ જડી....સ્વપ્નાના....

સોન પરી ! સોન પરી ! સોન પરી !
તાલી લટમાંથી ગયો હશે વાળ ખરી,
ઊડી આવ્યો હશે ને ગયો હશે અડી....સ્વપ્નાના....


ક્યાંય ઝાકળનો પાલવ લહેરાયો,
એવા વહેમનો પડ્યો છે પડછાયો.
ભીના ભેજને શું હરખાતી હૂંફ નડી....સ્વપ્નાના....

ઊડી પોપચાંની પૂમ રાતી રાતી,
સાત રંગોની ઝાંય ઝંખવાતી,
બધી આભા ય આભી થૈ ચૂપ ખડી....સ્વપ્નાના....


## 'ગની' સ્મૃતિ.... છબીઓમાં અંકિત....



એક સ્થાનિક સંગીત કાર્યક્રમને સંબોધતા સ્વ. ડૉ. જયંત પાઠક




એક કવિસંમેલનની સ્મૃતિ




કવિના પુત્ર શ્રી ગફુરભાઈ સાથે કવિ શ્રી બકુલેશ દેસાઈ




'ગની' દહીંવાલાના પરિવારજનો



પાકિસ્તાન પ્રવાસની સ્મૃતિઃ અન્ય પાકિસ્તાની કવિઓ સાથે (ડાબેથી)
'ગની' દહીંવાલા, સ્વઃ આદિલા મન્સૂરી અને સ્વ. શિવકુમાર જોશી



પાકિસ્તાન પ્રવાસ દરમ્યાન યજમાનો સાથે (ડાબેથી)
સ્વ. 'આદિલ', સ્વ. શિવકુમાર જોશી અને 'ગની' દહીંવાલા



સુરતની ગઝલ ચર્ચાના ત્રણ મુકામો : 'ગની' દહીંવાલા,
રવીન્દ્ર પારેખ અને સ્વ. મનહરલાલ ચોકસી





સહુ ભેગાં મળી ચાલો કે લાગે કાફલા જેવું ...

# પાંચ પાંચ પેઢીઓથી સમૃદ્ધ એવી ગઝલે સુરત



# પાંચ પાંચ પેઢીઓથી સમૃદ્ધ એવી ગઝલે સુરત





'ગની' દહીંવાલાનું પૈતૃક નિવાસસ્થાન



નાટ્ય મહર્ષિ એ.ચી. મહેતાના હસ્તે
અભિવાદન સ્વીકારતા સ્વ. 'ગની' દહીંવાલા

શું ઉમાશંકર કે શું વિષ્ણુપ્રસાદ... બધા જ 'ગની'ભાઈને કેવળ ગઝલકાર તરીકે જોવા માગતા નથી; ભલે તેમનું માધ્યમ મુખ્યત્વે ગઝલ હોય, પણ એક 'કવિ' લેખે જ... સમકાલીન ગુજરાતી કવિતાની સાથોસાથ રહી, નૂતન ચેતનાને ઝીલતા 'ગની'ભાઈની શબ્દગીનીઓ જ્યાં કાવ્ય સિધ્ધ થયું છે ત્યાં નર્યા શુધ્ધ સુવર્ણથી ઝળહળી છે.

- ઉશનસ્

'ગની'ભાઈના ગળામાંથી જાણે એમનું હૃદય જ ઉભરાતું-છલકાતું અનુભવાય છે.. પોતાના ભાવ સાથે ત્યારે તેઓ એવા તો તન્મય હોય છે કે એમને 'ગની'ભાઈ દર્દવાળા કહેવાનું મન થાય છે... એમનું દર્દ ઘાંટો નહીં, ટહુકો થઈને આવે છે.

- ડૉ. જયંત પાઠક

આજે જ્યારે ગઝલ પાણીપંથી સાંઢણીની જેમ ધસમસી રહી છે ત્યારે તેના એક 'જેન્યુઈન' આરાધક તરીકે 'ગની'ભાઈ એની પાછળ પાછળ મસ્તીથી ચાલે છે. એમની એ ચાલમાં હજી પણ થાક નથી... એમના મુખ પર પરિતોષનું સ્મિત છે. ગઝલની પાણીપંથી સાંઢણી જ્યારે જ્યારે પાછળ ફરીને એમની તરફ જોઈ લે છે ત્યારે તેનો વેગ વધે છે.

- શ્રી ભગવતીકુમાર શર્મા

('શ્વાસ-ઉચ્છ્વાસ' અભિનંદન ગ્રંથ - ઈ.સ.૧૯૭૮ માંથી સાભાર)

